ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## અંધો કે શહર મેં આયના બેચતા હું!

વાત ખરેખર બનેલી કે કોઇએ રમુજ ખાતર લખી હશે એ જાણવા મળ્યું નથી.
પણ વાર્તા આવી કંઇક છે.
એક આંધળો માણસ થોડાક આયના (અરીસા) ખભે લટકાવી બજારમાં નીકળ્યો.
''આયના લો આયના''
એમ લલકારવા લાગ્યો.
બજારના લોકો પેલા આંધળાને આમ બોલતો સાંભળી ખૂબ વિચારમાં પડી ગયા.
લોકોને આ દ્રશ્ય ઘણું વિચિત્ર લાગ્યું.
છેવટે એક માણસે પેલા આંધળાને રોકી કહયું, ''ભાઇ, તુ આયના વેચે છે એથી અમને નવાઇ લાગે છે.''
આ સાંભળી પેલા આંધળાએ જવાબ આપ્યો,
તમને આ બધું વિચિત્ર લાગે છે એ તદ્દન સાચું છે. તમને વિચિત્ર લાગવું જ જોઇએ.
પણ ખરી વાત એમ છે કે નાનપણમાં મને કોઇકે એક વાત કરેલી તે વાત આવી છે.
એક આંખોવાળો આંધળાઓની વસ્તીમાં આયના વેચવા નીકળેલો. તેનું શું થયેલું એ ખબર નથી. પણ મને થયું કે લાવ આંખોવાળાના શહેરમાં હું આયના વેચું.
અને તેથી જ તમારા શહેરમાં નીકળ્યો છું.
આંધળાની વાત આટલેથી પૂરી થાય છે.
આજનો આપણો ઘણો ખરો વહેવાર આંધળાના શહેરમાં આયના વેચવા જેવો જ થઇ ગયો છે.
જોવાની ઘણી - બધી ચીઝો આપણે જોઇ શકતા જ નથી. આંધળા કે આંખોવાળાના આયના આપણને કશું દેખાડતા નથી. ■

રજ્જબ ૧૪૪૩ | ફેબ્રુઆરી ૨૦૨૨ | તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
www.vohratimes.org
vohrasociety@yahoo.com
vohrasamachar@yahoo.com

## જાહેર આમંત્રણ

આપણા પરદેશવાસીઓ ડીસેમ્બર - જાન્યુઆરીમાં વતનની મુલાકાતે આવતા હોય છે. આ તકે હમો તમામ ગામેગામના પરદેશથી પધારેલા મહેમાનોને જાહેર આમંત્રણ પાઠવી રહયા છીએ કે એઓ આપણી કૌમની કોસંબા ખાતેની એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટની જરૂરથી મુલાકાત લે તથા દરેક ગામના કાર્યકરો, હમદર્દો, હિતેચ્છુઓને નમ્ર વિનંતી કરી રહયા છીએ કે આપના ગામમાં પરદેશથી પધારેલા મહેમાનોના નામો વહોરા સોસાયટીની ઓફીસે સુરત મુકામે લખી મોકલશો અથવા ફોન ઉપર લખાવી આપશો કે જેથી સોસાયટીની જનરલ મિટીંગ પ્રસંગે તથા અન્ય પ્રસંગે એમને આમંત્રણ પાઠવી શકાય. **સોસાયટીની વાર્ષિક જનરલ મિટીંગ તા.૧૩-૨-૨૦૨૨ ના રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, કોસંબા મુકામે મળનાર હોય મહેમાનોને પણ ખાસ પધારવા આમંત્રણ છે.**

**આપના સહકારના અભિલાષી.**

## જઝાકુમુલ્લાહ

- **જનાબ જમાલભાઇ મુંબઇ** તરફથી **રૂા. ૧૦,૦૦૦/- ઝકાતફંડ**માં મળ્યા છે.
- **મોહતરમા ફાતમાબીબી સુલેમાન નાડત સા. કોંઢ** તરફથી **રૂા. ૭,૩૦૦/- ઝકાત** ના **બેવાફંડ**માં **જનાબ મુન્નાભાઇ અતન સા. કોસાડ** હસ્તે મળ્યા છે.

**કોંઢ સ્કુલ મસ્જીદ માટે**

| | | |
|---|---|---|
| ૫૦૦૦ | જ. ઇસ્માઇલ દાવજી પટેલ સા. | વડોદરા |

**સદકા**

| | | |
|---|---|---|
| ૫૦૦ | જ.વાય. એસ. માંજરા સા. | મોસાલી |

**બેવાફંડ**

| | | |
|---|---|---|
| ૫૦૦૦ | મોહ.ઝાકેરાબહેન રાવત સા. | બરબોધન |
| ૫૦૦૦ | મોહ.હલીમા ઇસ્માઇલ પટેલ સા. | બરબોધન |

**અલ્લાહપાક મદદ આપનારા અપાવનારા સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.**

## આપણા સમાજનું ગૌરવ

### B.A.M.S.



આપણી સોસાયટીના મધ્ય વિભાગના ઉપ પ્રમુખ **જનાબ અ.સમદભાઇ બલેસરીયા સા. નવાપુર** ની નવાસી **મરીયમ મોહંમદ આસીફ બદુડા** એ મહારાષ્ટ્ર યુનીવર્સીટી ઓફ હેલ્થ સાયન્સ, નાસીક દ્વારા લેવાયેલ **B.A.M.S.** ની પરીક્ષા ડી.એસ. નાયક આયુર્વેદ મહાવિદ્યાલય,ધુલીયા માંથી પાસ કરી ડૉકટરની પદવી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.** ત્રીજા વર્ષનો અભ્યાસ પૂરો કરી કોરોનાની પહેલી લહેરમાં જયારે ઘણી જગ્યાએ લોકલ ડીસ્પેન્સરી તેમજ લોકલ ડૉકટરોએ કામ કરવાનું બંધ કર્યુ હતું તેવા સમયે નવાપુરમાં અસ-સીફા હોસ્પિટલમાં સતત ૫ મહીના (જુન-૨૦૨૦ થી ઓકટોબર ૨૦૨૦) સુધી દિવસના ૧૨/૧૪ કલાક નિ:શુલ્ક નિ:સ્વાર્થ ભાવે મરીજોની ખિદમત કરી હતી.



### M.B.A. (Internationl Business)

**વરીયાવ** ગામના વતની **અબ્દુલરહેમાન હારૂન મણી** એ લંડન-યુ.કે. ખાતેની યુનીવર્સીટી ઓફ ગ્રીનવીચમાંથી **Master of Business Administration (Internationl Business)** ની ડિગ્રી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

# વહોરા સમાચાર

## ■ હદીશ શરીફ

✠ માણસની પરખ તેના કાર્યો પરથી થાય છે,
તેની વાતો પરથી નહીં.

✠ કોઇની મુસીબત પર હસો નહીં, એવું ન બને કે
તમે ખુદ તેમાં ફસાઇ જાવ.

✠ જૂઠું બોલવાથી વેપાર તો થશે પણ તેમાં
બરકત નહીં હોય

## ■ ચિંતન

✠ માહિતી એ જ્ઞાન નથી, માહિતી રોજી રોટી આપે છે,
જયારે જ્ઞાન જીવનને સફળ બનાવે છે.

✠ માણસને પોતાનો સંપૂર્ણ પરિચય કદી મળતો નથી.
તે પોતાન ા માટે હંમેશા આશ્ચર્યરૂપ રહે છે.

**અંક : ૦૨**

**માસ : ફેબ્રુઆરી ૨૦૨૨**

**માહે : રજજબ ૧૪૪૩**

**તંત્રી : મસ્ત મંગેરા**

## ■ એક શેર :-

ગરીબો કી બસ્તી મેં કૈસે ન અંધેરા હો
ઉંચે મકાનોને રોકા હૈ ઉજાલો કો!!

## ■ આને ખુશામદ કહેવી ?

ઉલ્લુ પક્ષી માત્ર રાતનાજ શિકાર કરે છે. દિવસભર કોઇ બાકોરામાં અગર અંધારી જગ્યામાં પડી રહે છે. આવા પક્ષીને ઉલ્લુ કહેવાને બદલે જો **રાતનો રાજા** કેહવામાં આવે તો એને ખુશામદ કહી શકાય ?

ઇકબાલની ઝખબાનમાં -

**માલુમ નહીં હે યે ખુશામદ કે હકીકત**
**કેહ દે કોઇ ઉલ્લુકો અગર રાતકા શેહબાઝ!**

## ■ તંત્રી સ્થાનેથી...!

### આપણી સોસાયટી : સમાજ માટે ગૌરવ સમાન સંસ્થા - નાં ૭૫ માં વર્ષ - નિમિત્તે

આપણે અમૃત મહોત્સવ આનંદ અને હર્ષોઉલ્લાસ સાથે ઉજવી શકીએ છીએ એ ફકત આપણા માટે અલ્લાહ પાકનોજ અહેસાન છે.

હું નાનપણથી એ સમજુ અને જાણું છું કે આપણી કૌમ - **આપનારી કૌમ છે.**

આપણી કૌમ અને સમાજે સંસ્થાને ૭૫ વર્ષ સુધી નભાવી અને સાચવી છે. એમાં ભાગ લેનાર અને ભોગ આપનાર સૌને આપણે સલામ કરીએ દુઆ કરીએ - આ મહાન કામ કરનારને અલ્લાહપાક નજાતનો ઝરીઓ બનાવે એવી દિલી સાચી દુઆ છે.

તા. ૧૩-૨-૨૦૨૨ ના રોજ આપણી મહામૂલી ડૉ. જી.આઇ.મોતાલા ટેકનીકલ કેમ્પસ ( એ.વાય. દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટયુટ) કોસંબા ખાતે ૭૪ મી વાર્ષિક જનરલ મિટીંગ મળશે. એનો આપણાને આનંદ છે.

વિચિત્ર પ્રકારની બિમારીના કારણે સંખ્યા કદાચ મહેમાનોની ઓછી થાય - પણ એની સફળતા માટે દુઆ તો હજારો લોકો કરશે. અને કેમ ન કરે - આ સંસ્થાએ મારા જેવા અનેક વ્યકિતઓની જિંદગીમાં ઉજાસ પાથર્યો છે. મને તો એનું ગૌરવ છે જ. પણ એનો લાભ લેનાર હજારો સ્કોલરોના કુટુંબીજનોને નમ્ર વિનંતી કે આપણા કપરાકાળમાં જે સંસ્થાએ આપણાને મોટા બનાવ્યા એ સૌ આ સંસ્થાને છેલ્લે સુધી યાદ રાખે - એને મદદ કરે. આવનારી પેઢી તૈયાર કરનાર આ સંસ્થાને સર્વે દિશાએથી મદદ કરી સમાજના નિર્ધન લોકોનો હાથ પકડી લે.

આપણા પયગમ્બર (સ.અ.વ.) સાહેબે આ વાત વારંવાર દોહરાવી છે.ધનિક લોકો - નબળા લોકોનો હાથ પકડે એની મદદ કરે એવી મારી લાગણી અને માંગણી બન્ને છે.

▪ મસ્ત મંગેરા (કાંગવઇ)

E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

# કયામતથી જન્નત સુધી

## જન્નતની જાહોજલાલી

જન્નત એટલે જન્નત. એનો કોઈ જવાબ નથી. કોઈ વિકલ્પ નથી. એ એક અજોડ અનન્ય આલમ છે. અને એનું સર્જન ખાસ કરીને શ્રદ્ધાવાન, સદાચારી બંદાઓ માટે કરવામાં આવ્યું છે. અહીં બંદાના આનંદ પ્રમોદ અને સુખવૈભવ માટે એવી એવી અને એટએટલી અદભુત વસ્તુઓનો પ્રબંધ અલ્લાહ તઆલા તરફથી કરાયો છે કે જેની કલ્પના થઈ શકતી નથી. એ સ્વર્ગીય જાહોજલાલીનો આછો ચિતાર કલામે પાકમાં અપાયો છે. અહાદીસે નબવી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પણ કેટલીક હદે પરદો સરકાવે છે.

કલામે પાકમાં કોઈ એક જગ્યાએ નહીં, વિવિધ સુરતોમાં વિવિધ રીતે એ જાહોજલાલીનું વર્ણન કરાયું છે. એ માંહેનું કેટલુંક ચૂંટેલું અત્રે પેશ કરવામાં આવે છે.

'અને (ઇનામમાં) પ્રથમ ક્રમે છે તે (આખેતરમાં) પ્રથમ ક્રમે હશે. એ લોકો અલ્લહાથી વિશેષ નિકટ હશે. હર્ષોલ્લાસના બાગમાં (એમાંનાં) ઘણા પ્રાચીનો માંહેના હશે અને થોડા બાદના સમયના હશે. (તેઓ) સુવર્ણ અને હિરા જડિત સિંહાસનો પર હશે. ઓશીકે અઢેલીને સામસામા બેઠા હશે. તેમની આસપાસ હશે સદાબહાર કિશોરો, (જે) વહેતા સ્વચ્છ ઝરણામાંથી જામ, સુરાહી, પ્યાલા (ભરીને) તેમને પીરસતા હશે (એવો શરાબ) જેનાથી તેમનું માથું ચડશે નહીં. ઘેન-ગાંડપણ થશે નહીં ! અને તેમની પસંદગીનાં ફળો અને તેમનું મન ઈચ્છે તે પક્ષીનું માંસ ! અને હશે મોટી ખૂબસૂરત આંખોવાળી અપ્સરાઓ ! જાણે સુરક્ષિત રખાયેલાં મોતી ! તેમના ભૂતપૂર્વ કર્મનો બદલો.' (૫૬ : ૧૦-૨૪)

**ઉચ્ચ સિંહાસનો :-**

'અને જમણી તરફના લોકો. જમણી તરફના એ લોકો કોણ હશે ? (તેઓ) કંટકરહિત બોરડીઓ મધ્યે હશે, ફળફૂલોથી લદાયેલાં તલ્હ (કદળી) વૃક્ષો મધ્યે હશે. વિસ્તીર્ણ છાયા તળે. નિરંતર વહેતા ઝરણાઓના પડખે. અને બેશુમાર ફળો, જેમની મોસમ મર્યાદિત નથી અને તેમનો પૂરવઠો ખૂટતો નથી. અને (તેઓ) ઉચ્ચ સિંહાસનો પર હશે. ખરેખર અમે તેમને (અપ્સરાઓને) એક વિશિષ્ટ મખલૂક તરીકે પેદા કરી છે અને તેમને કુંવારી અક્ષતા સ્થિતિ પર રાખી છે. પ્યારી સમવયસ્ક !'' (૫૬: ૨૭-૩૭)

**શરાબની સરિતા :-**

'પરહેઝગારોને જેનો વાયદો કર્યો છે તે જન્નતનું એક બયાન આ છે, કે તેની અંદર સુગંધભ્રષ્ટ ન થઈ શકે એવી પાણીની નદીઓ છે! ક્યારેય સ્વાદફેર ન થાય એવી દૂધની નદીઓ છે ! પીનારાઓ માટે લિજ્જતદાર શરાબની નદીઓ છે ! અને વિશુદ્ધ મધની નદીઓ ! ત્યાં તેમના માટે દરેક પ્રકારનાં ફળો છે અને તેમના માલિકની રહેમ.' (૪૭:૧૫)

'અને (જેને જમણા હાથમાં કર્મપત્રક અપાશે) તે આનંદમય જીવન ભોગવશે, બુલંદી પરના એક બાગમાં ! ત્યાં ફળોના લટકતા ગુચ્છા હાથવગા હશે! અને કહેવામાં આવશે : ખાઓ, પીઓ અને સંતૃપ્ત થાઓ. આ પૂર્વે તમે (પુણ્ય) પાઠવ્યું હતું તેના બદલામાં' (૬૯: ૧૯-૧૪)

સદાચારીઓનો સંબંધ છે ત્યાં સુધી તેઓ કપૂર મિશ્રિત (શરાબ) જામ પીશે ! એ (કપૂર) એક ઝરણ છે, જેમાંથી અલ્લાહના નેક બંદા પીશે અને તેની રેલમછેલ કરશે !'' (૭૬:૫-૬)

**ચાંદીની રકાબી, પારદર્શક પ્યાલા :-**

'અને (તેઓ ધીરજવાન અને ફરમાબરદાર હોવાથી) બદલામાં તેમને બાગ અને (પોશાક) રેશમનો અપાશે. તે ઉચ્ચ સિંહાસન ઉપર બેઠક જમાવશે. ત્યાં સૂર્યના (તાપનો) કે સખત ટાઢનો અનુભવ તેમને થશે નહીં. અને બાગની છાયા તથા ફળોના ગુચ્છા વિનમ્રતા પૂર્વક તેમના પર ઝૂકી આવશે. તેમની વચ્ચે ચાંદીની રકાબીઓ તથા પારદર્શક (પ્યાલા) તથા ચાંદીની (રકાબીઓ), જેના માપ તેઓ નક્કી કરશે ! અને ત્યાં તેમને પીવા માટે ઝનજબીલ (સૂંઠ) મિશ્રિત શરાબના પ્યાલા પેશ કરાશે. એ ત્યાં એક ઝરણ છે, જે 'સલસબીલ' તરીકે ઓળખાય છે. અને તેમની આસપાસ (સેવા માટે) હંમેશા (તાજગી) ધરાવતા કિશોરો હશે. અગર તમે જુઓ તો એવા લાગે જાણે વેરાયેલાં મોતી ! અને તમે ત્યાં જોશો તો તમને પરમસુખ અને એક ભપકાદાર શહેનશાહત નજરે પડશે. તેમના લિબાસ લીલાકચ રેશમ તથા કિનખાબના બનેલા હશે ! અને તેમને ચાંદીના કંગન પહેરાવવામાં આવશે. પીવા માટે તેમનો

માલિક વિશુધ્ધ અને પવિત્ર શરાબ આપશે. (કહેવામાં આવશે.) નિઃશંક તમારા માટે આ એક બક્ષિસ છે. તમારા પ્રયત્નો સ્વીકારવામાં આવ્યાં છે. (૭૬:૧૨-૨૨)

**લજ્જાશીલ મહિલાઓ :-**

'અને રહ્યા અલ્લાહના પ્રમાણિક બંદા. તેમના માટે ત્યાં (જન્નતમાં) હશે જાણીતી ખાદ્યસામગ્રી, ફળો (લિજ્જતદાર) અને તેમનું સન્માન કરાશે આહલાદક બાગોમાં ! સિંહાસનો પર સામસામા બેસશે. તેમની વચ્ચે નિર્ભેળ - નિર્મલ શરાબના દૌર ચાલશે ! સફેદ, લિજ્જતદાર - પીનારાઓ માટે. એનાથી માથું ચડશે નહીં. ઘેન ગાંડપણ થશે નહીં અને તેમના પડખે હશે ગુણિયલ મહિલાઓ, લજ્જાશીલ અને મોટી (મોહક) આંખોવાળી ! જાણે સુરક્ષિત રખાયેલાં (નાજૂક) ઈંડા !' (૩૭:૪૦ - ૪૯)

'નિઃશંક નેક લોકો અમનચમનમાં હશે. સિંહાસનો પર બેસી નિરીક્ષણ કરી રહ્યા હશે. તમે તેમના ચહેરા પર ખુશીનું તેજ જોશો. તેમને પીવા માટે સીલબંધ શુધ્ધ શરાબ અપાશે, જેનું સીલ હશે કસ્તૂરીનું ! આનંદોલ્લાસના ઈચ્છુકોએ એની ઈચ્છા કરવી જોઈએ અને એની અંદર તસ્નીમનું મિશ્રણ કરાશે. તસ્નીમ એક ઝરણ છે, જેમાંથી અલ્લાહનું સાંનિધ્ય ધરાવતા બંદા જલપાન કરે છે.' (૮૩:૨૨-૨૮)

**બાગના વારસ :-**

પરતું જે ઈમાનવાળા છે અને સદકર્મ કરે છે તો અમે કોઈ માણસ ઉપર તેના ગજાથી વિશેષ બોજ નાખતા નથી. તેઓ છે જન્નતવાસી, તેઓ ત્યાં રહેશે અને તેમના દિલોમાંથી રહીસહી કટુતા અમે દૂર કરી દેશું. તેમના નીચે નદીઓ વહેતી હશે અને તેઓ કહેશે. 'અલ-હમ્દુ લિલ્લાહ ! કે જેણે આ (પરમસુખ) તરફ અમારૂં માર્ગદર્શન કર્યું. અગર અલ્લાહનું માર્ગદર્શન ન હોત તો અમને માર્ગ મળી શક્યો ન હોત. નિઃશંક તે સાચું હતું. જે અમારા રબના પયગમ્બરો લાવ્યા હતા.' અને તેઓ એક અવાજ સાંભળશે, તમારી સામેના બાગને જૂઓ. તમને એના વારસ બનાવવામાં આવ્યા છે, તમારાં કર્મના બદલામાં. (૭:૪૨,૪૩)

**સોનાના કંગન :-**

'જે ઈમાનવાળા છે અને સદકર્મ કરે છે તે ચોક્કસ એવા કોઈનોય બદલો અમે નિષ્ફળ જવા દઈશું નહીં. તેમના માટે હશે હંમેશના બાગો, જેની નીચે વહેતી હશે નદીઓ, ત્યાં તેમને સોનાના કંગનથી શણગારવામાં આવશે. અને તેઓ ઉત્તમ પ્રકારના રેશમ તથા કિનખાબના લીલા પોશાક પહેરશે ! તેઓ ત્યાં ઉચ્ચ સિંહાસન ઉપર આરામ કરશે ! કેવો સુંદર બદલો , કેવું ઉમદા વિરામસ્થાન !' (૧૮:૩૦ - ૩૧)

'તેઓ (કુરઆનના વારસો) હંમેશા માટેના બાગોમાં પ્રવેશ કરશે, જ્યાં તેમને સુવર્ણ તથા મોતીઓના કંગન પહેરવામાં આવશે. અને ત્યાં તેમનો પોશાક રેશમનો હશે.' (૩૫:૩૩)

**આનંદ પ્રમોદ :-**

'(તમો) જે અમારી આયતો પર ઈમાન લાવ્યા અને ઈસ્લામમાં સમર્પણ કીધું. બાગમાં (જન્નતમાં) પ્રવેશ કરો. તમો અને તમારી પત્નીઓ આનંદપ્રમોદમાં (પ્રવેશો). તેમની વચ્ચે સુવર્ણ થાળીઓ અને પ્યાલાઓનો દૌર ચાલશે. ત્યાં હશે અંતર ઈચ્છે તે બધું ! આંખો રીઝી શકે તે બધું ! અને તમે ત્યાં રહેશો (હંમેશ માટે). આ છે જન્નત, જેના તમને વારસ બનાવવામાં આવ્યા છે. તમારા કર્મ બદલ (૪૩:૬૯ - ૭૨)

**અપ્સરાઓ સાથે લગ્ન :-**

'નિઃશંક, પરહેઝગારો સુરક્ષિત સ્થળે હશે, બાગો અને ઝરાઓ મધ્યે, બારીક તથા ઘટ્ટ રેશમ પરિધાન કરીને સામસામે બેઠા હશે. અને અમે તેમનાં લગ્ન કરાવીશું ખૂબસુરત મોટી પાણીદાર આંખોવાળી અપ્સરાઓ સાથે ! ત્યાં તેઓ શાંતિ સલામતી પૂર્વક દરેક પ્રકારના ફળો માટે હુકમ કરી શકશે.' (૪૪:૫૧-૫૫)

'સદાચારીઓ બાગબગીચા અને ફુવારા મધ્યે હશે. (તમને કહેવામાં આવશે.) 'શાંતિ - સલામતીમાં અહીં પધારો.' - અને તેમનાં દિલોમાંથી રહીસહી રંજની લાગણીઓ અમે દૂર કરી દેશું. (અને) તેઓ થઈ જશે (જાણે) સિંહાસન ઉપર સામસામા બેઠેલા ભાઈભાંડુ. ત્યાં તેમને થાકનો અહેસાસ થશે નહીં. તેમ જ ત્યાંથી ચાલ્યા જવાનું તેમને કહેવામાં આવશે નહીં.' (૧૫:૪૫-૪૮)

'અત્યારે કોઈ માણસને એની ખબર નથી કે તેઓ કરતા હતા તે કર્મના બદલા રૂપે, તેમના માટે, આંખોના કયા આનંદો, છૂપાવીને રાખવામાં આવ્યાં છે. !'(૩૨:૧૭)

(ક્રમશ)

# થોડુંક વિચારવલોણું 'ઝકાત' ની આસપાસ

-પ્રો. ડૉ.હસન લુણત 'વિતાન'

ઝકાત ઈસ્લામના પાંચ પાયાના રૂકનો પૈકીનું એક રૂકન છે. ઈસ્લામે ઠરાવેલી મર્યાદા કરતાં આવક વધી જાય એટલે તે મુસલમાનને માટે અઢી ટકા લેખે ઝકાત કાઢવી ફર્ઝ બની જાય છે. ઝકાત ફર્ઝ બની ગઈ હોય, છતાં જે લોકો ઝકાત અદા કરતા નથી, તેઓ અલ્લાહના ગુનેગાર બને છે.

'ઝકાત' નો સીધોસાદો અર્થ છે - વેરો (ટેક્ષ) દરેક દેશની સરકાર પોતાના પ્રજાજનો પાસેથી આવકવેરો વસૂલ કરતી હોય છે. એના ધારા-ધોરણો હોય છે. અમુક આવક સુધી કોઈ ટેક્ષ લાગતો નથી. પરતું એ મુક્તિ મર્યાદાથી એક રૂપિયો પણ વધી જાય તો એ વેરાપાત્ર (ટેક્ષેબલ) બને છે. ગણતરી કરતાં જે આવકવેરો ભરવાનો થાય તે નિયત સમયમર્યાદામાં નક્કી કરેલી જગ્યાએ જઈ અચૂક ભરી દેવો પડે છે. એને માટે સરકારે ઠેર ઠેર આવકવેરા કચેરીઓ સ્થાપી છે આવકવેરો ન ભરનાર કે મોડો ભરનાર દંડપાત્ર બને છે.

અલ્લાહે ઝકાત વસૂલી માટે કોઈ કચેરીઓ ખોલી નથી કે કોઈ કાઉન્ટર ઊભાં કર્યાં નથી. ઈસ્લામે ઠરાવેલી મર્યાદા કરતાં જેની આવક વધી જાય, તેને માટે 'ઝકાત' કાઢવી ફરજિયાત છે. પરતું આ ઝકાતની ઉઘરાણી માટે અલ્લાહે પ્રત્યક્ષ આવવાની જરૂર નથી. દુનિયાની સરકાર માણસ પાસેથી બાકી કરવેરા કોઈપણ રીતે વસૂલ કરે છે, કારણ કે એને માટે એજ આવકનાં સાધન છે. પ્રજા પાસેથી જે કરવેરાની વસૂલી થાય છે, એ વડે જ દેશનો, રાજ્યનો વહીવટ ચાલે છે. રાષ્ટ્રના, રાજ્યના વિકાસ માટે આ કરવેરાની અદાયગી અને વસૂલી અનિવાર્ય છે. પરતું અલ્લાહને પોતાનું તંત્ર ચલાવવા માટે માણસો - માનવજાતિ પાસેથી કોઈ કરવેરા ઉઘરાવવાની જરૂર નથી. તે સમગ્ર સૃષ્ટિનો, અખિલ બ્રહ્માંડનો સર્જક છે, તે જ બાદશાહોનો બાદશાહ અને સર્વ સત્તાધીશ છે. પૃથ્વી પરના તમામ જીવો - ફકીરથી માંડીને રાજાધિરાજ સુધી, કીડીથી માંડીને હાથી સુધી, સહુને તે જ આપે છે, સહુને તે જ જીવાડે છે, તેના ખજાના કદી ખૂટતા નથી. તેને પોતાના ઉદ્દેશ્યો પૂરા કરવા પોતાના બંદાઓ પાસે વેરા એકત્રિત કરવાની કોઈ જરૂરત નથી.

તો પછી આ ઝકાત શું છે ? ઝકાત અલ્લાહપાકે ગોઠવી આપેલી અદ્ભૂત સામાજિક વ્યવસ્થાનો એક મહત્ત્વનો ભાગ છે. અલ્લાહે પોતાના આર્થિક રીતે સક્ષમ બંદાઓને 'ઝકાત' આપવાનો આદેશ કર્યો છે. આ ઝકાત ગરીબો, ભિક્ષુકો, આર્થિક તંગીમાં જીવતા સગાસંબંધીઓ વગેરે હાજતમંદોને આપવાની છે. ઝકાત કોણે આપવી, કોને આપવી ? એનો નીતિનિયમો ઈસ્લામી શરિયતમાં છે. એ નિયમોને અનુસરવાનું છે. ઝકાત એના સૌથી વધુ હકદાર સુધી પહોંચે એનો ખ્યાલ રાખવાનો છે. અર્થાત ઝકાતના હકદારની તલાશ ઝકાત આપનારે ખુદ કરવાની છે. પોતાની આવકની ગણતરી, તે પર આપવા પાત્ર ઝકાતની રકમની ગણતરી તેણે જાતે જ કરી લેવાની છે. બસ, અલ્લાહને સાક્ષી રાખીને ઝકાતની રકમ ગરીબ - ગરીબાં ને, હાજતમંદોને આપી દો, એટલે ફરજની અદાયગી થઈ જશે. કોઈ કચેરીમાં જઈને ફોર્મ ફાઈલ કરાવવાનું નથી. સીધી-સરળ પ્રક્રિયા છે. અલ્લાહનો ખોફ રાખીને કામ કરવાનું છે. કોની કેટલી આવક છે, કોણે કેટલી ઝકાત આપી - તેનો અહીં દુનિયામાં કોઈને હિસાબ આપવાનો નથી, કોઈ આવીને પૂછવાનું નથી. છતાં અલ્લાહની વડી અદાલતમાં, સર્વોચ્ચ કચેરીમાં એક દિવસે હાજર થવાનું છે અને એક સાથે બધો હિસાબ આપવાનો છે - ઝકાતનો હિસાબ પણ ત્યાં અવશ્યપણે આપવાનો છે. આ ખૌફ સાથે પ્રામાણિકતાપૂર્વક દર વર્ષે ઝકાતની અદાયગી કરતા રહેવું જોઈએ.

ઝકાત દાનનો પ્રકાર પણ છે અને ફર્ઝ પણ છે. ઈસ્લામી શરિયત મુજબ ધનવાન ગણાતા મુસલમાનોએ ગરીબો અને જરૂરિયાત મંદોને આ ઝકાત આપવાની છે. ઝકાત આપીને ધનવાનો તેમને ઉપકારવશ કે ઋણી ન બનાવી શકે. જો કોઈ ધનવાન ઝકાત આપીને હાજતમંદને દબાવવાનો કે તેની પાસે કોઈ કામ મહેનતાણાં પેટે કરાવી લેવાનો આશય રાખે તો તે ખોટું થશે. ઝકાત એના હકદારને માલિક બનાવીને આપવાની છે, કર્ઝ તરીકે નહીં, ફર્ઝ રૂપે આપવાની છે.

ઝકાતની અદાયગી વડે સમાજના નિર્ધનો, પીડિતો, દુઃખીઓ આર્થિક રીતે પાયમાલ અને પરેશાન લોકોનો ખ્યાલ રખાય છે. ઈસ્લામે સમાજના દીનદુખિયાઓને મદદરૂપ થવા 'ઝકાત' ને મૂળભૂત સિદ્ધાંત તરીકે જાહેર કર્યો છે. એ ઈસ્લામની મોટી વિશેષતા છે. 'ઝકાત' માં સમાજવાદના મૂળ પડેલાં છે. સમાજમાં જે લોકો તવંગર છે, અમુક માત્રામાં સોનું-ચાંદી ધરાવે છે કે નિર્ધારિત મર્યાદાથી વધુ બેંકબેલેન્સ કે રોકડના માલિક છે અથવા શરિયત મુજબ પૈસાદાર છે તેમણે સમાજના મુફલિસહાલ લોકોના હાલાત સુધારવા 'ઝકાત' વડે તેમને મદદરૂપ થવું, એમાં અલ્લાહપાકે સામાજિક સંતુલન જાળવવા માટેની ઉત્તમ વ્યવસ્થા કરી

છે. માત્ર સ્વનો (પોતાનો) જ નહીં, અન્યોનો પણ ખ્યાલ કરવો, ગરીબની રોટીની પણ ચિંતા કરવી, પોતાની પાસે ભરપેટ ખાઈ શકે એટલું અન્ન હોય અને ખાધા પછી પણ સારી એવી બચત થઈ જતી હોય, તો તેમાંથી ભૂખ્યાં જનોને અન્ન ખવડાવવાનો ઈસ્લામ આદેશ આપે છે. ધનિકો પાસે જે કાંઈ ધન-દૌલત છે, તેમાં અઢી ટકા ગરીબોનો હક છે. એટલું એમના સુધી પહોંચતું કરવું એ ઝકાત છે. આમ, ઈસ્લામે સમાજના આર્થિક રીતે નબળા વર્ગ Economic backward class) ના ઉત્થાન માટે અદ્‌ભૂત વ્યવસ્થા કરી છે. દાનની વાત બીજા ધર્મોમાં હશે, પરંતુ એનું વ્યવસ્થિત સુઆયોજન એક માત્ર ઈસ્લામ ધર્મમાં છે.

મઝહબે-ઈસ્લામ ઝકાતનો જે આદેશ આપે છે તેનું સ્વરૂપ જોતાં મુસ્લિમ સમાજમાં કોઇ ગરીબ ન રહેવો જોઈએ. ઝકાત આપનારે ઝકાત લેનાર શોધવો પડે એવી પરિસ્થિતિ હોવી જોઈએ. ઝકાત આપનારા ઝાઝા હોય અને લેનારા જવલ્લે જ મળે એવો સમાજ રચાઈ જવો જોઈએ. પરતું, દુર્ભાગ્યે ભારતવર્ષના મુસ્લિમ સમાજમાં એવું જોવા મળતું નથી. આંકડાઓ આપ્યા વિના પણ કહી શકાય કે ભારતમાં પ્રતિવર્ષ ઝકાતવાંછુઓની સંખ્યા વધતી જ જાય છે. તો શું મુસ્લિમ સમાજમાં ગરીબીનું પ્રમાણ પણ વધતું જઈ રહ્યું છે ? કારણો બીજાં પણ હશે. પણ 'ઝકાત' ખુદ એક કારણ છે, એ વિશે જ થોડું વિચારીએ.

ઝકાત એક ફરજિયાત દાન છે, એ ગરીબ - ગુરબાંને આપવું જ પડે - આ હકીકતે મુસ્લિમ સમાજના એક મોટા વર્ગને અકર્મણ્ય (કામચોર) બનાવી દીધો છે. મુસલમાન ભિક્ષુકો (સાંઇફકીરો) ની સંખ્યા વધતી જ જાય છએ. રમઝાન માસમાં તો આ સાંઈફકીરો મુસ્લિમ બહુલ વિસ્તારોમાં ટોળાંબંધ ઉમટી પડે છે. ગામને પાદરે યા ખુલ્લી જગ્યાઓમાં એમના પડાવ જોઈને જાતજાતના વિચારો આવે છે. રેલ્વે સ્ટેશનોનાં પ્લેટફોર્મ્સ પર પડી રહેતા મુસ્લિમ ભિક્ષુકોને જોઈને તરોહ તરેહના વિચારો આવે છે. કેટલી મુફલીસી છે મુસ્લિમ સમાજમાં ! કે પછી મુફલીસી પણ વહોરી લીધેલી હોય છે !

હા, ક્યારેક ઝકાતની લાલચ માણસને ભિક્ષુક બનાવી દે છે. તેઓ ફકીરીને પણ વ્યવસાય તરીકે અપનાવી લે છે. ગત રમઝાન માસમાં, એક - રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ પર રાત્રે ઘસઘસાટ ઊંઘતા એક વૃદ્ધ ફકીરના ખિસ્સામાંથી રૂપિયા ચોરાઈ ગયા. સંવારે એણે રડારોળ કરી મૂકી. કેટલી રકમ ચોરાઈ હતી ? એણે આંકડો જાહેર કર્યો- દસ હજાર રૂપિયા ! રમઝાન માસમાં મુસલમાન ભિક્ષુકોને તગડી આવક થતી હોય છે. પેલો વૃદ્ધ ફકીર પણ દસ હજારની રકમ ખિસ્સામાં રાખીને પ્લેટફોર્મ પર પોઢી ગયો હતો અને એના જ જેવા કોઈ ભિક્ષુકે એનું ખિસ્સું ખાલી કરી નાખ્યું હતું.

કેટલાક ભિક્ષુકો ભિક્ષા માંગવાના એકમાત્ર હેતુસર પોતાના વતનથી સેંકડો માઈલ દૂરના પ્રાંતમાં, વિસ્તારમાં ગમે ત્યાં પડી રહીને જીવન ગુજારતા હોય છે. એમાંના મોટા ભાગનાની પાસે વતનમાં ધરણાર અને જમીનજાગીર હોય છે. છતાં તેમણે ફકીરી અપનાવેલી હોય છે. કઈ બાબત તેમને આમ દર બ દર હાથ ફેલાવવા માટે મજબૂર કરે છે ? તેમને મહેનત - મજદૂરી કરતાં કોણ રોકે છે ? મોટા ભાગના કિસ્સામાં ભીખ માંગતા સાંઇ-ફકીરોની કોઈ મજબૂરી હોતી નથી. કામ કરવાથી, મહેનત-મજદૂરી કરવાથી તેઓ દૂર ભાગે છે. ભિક્ષા જ જેમનો વ્યવસાય છે અને એ વ્યવસાય પણ આનુવંશિક રૂપમાં મળ્યો હોય, ત્યાં શરીરને કષ્ટ આપે એવી મજદૂરી શીદને કરવી ? આ અકર્મયતા મુસ્લિમ સમાજને પછાડી રહી છે.

આપણે અનેક મુસ્લિમ નવયુવાનો અને કિશોરોને, યુવતીઓ અને કિશોરીઓને ભીખ માંગતાં જોઈએ છીએ. એકદમ હટ્ટાકટ્ટા, હાથેપગે શરીરના તમામ અવયવે તંદુરસ્ત જવાનોને ઢોલક અને ડફલી વગાડી મોંમા પાનના ડૂચા સાથે કવ્વાલીઓ ગાઈ ભીખ માંગતા જોયા છે. એમને કોઈ શારીરિક શ્રમનું કામ સોંપશો તો તેઓ કરશે ? તરત ત્યાંથી ચાલતી પકડશે. જેમની સ્કૂલમાં ભણવાની અને મદ્રેસામાં પઢવાની વય હોય છે, એવા બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થાના ભિક્ષુ છોકરાઓને તમે પઢવા - ભણવાનું પૂછી જોજો, પઢવા - ભણવાનો તમામ ખર્ચ ઉપાડી લેવાની પણ ઓફર કરજો. એઓ તૈયાર નહીં થાય. ભિક્ષાવૃત્તિ રક્તવાહિનીઓમાં ભળી ગઈ હોય, મસ્તિષ્ક પર છવાઈ ગઈ હોય, ત્યાં આવી કોઈ ઓફર એમને લલચાવી શકતી નથી ! અને આ બેફિકરાઈ ભર્યું જીવન, આવતી કાલની ચિંતા નહીં, જહાં રૈન-વહીં બસેરા . ખાઓપીઓ અને મજા કરો- તેઓ ભિક્ષાવૃત્તિ ત્યજીને પરેશાની ભર્યું સ્થાયી જીવન શા માટે જીવે ? રોજ બસો ઘર ફરી લો, તો સો ઘરેથી તો એક એક રૂપિયો મળી જશે. સાંજ સુધીમાં ૧૦૦ રૂપિયા તો સહેલાઈથી જ આવી જાય. રમજાન મહિનામાં તો આવક એથી પણ વધુ થાય. આટલા રૂપિયા મજદૂરી કરવામાં મળે ? ફૂટપાથ પર જિંદગી ગુજારી નાખતો ભિક્ષુક હજારો રૂપિયા ગોદડીની નીચે રાખીને મરી જતો હોય છે. પરંતુ તે

ઈજ્જતભર્યું જીવન જીવવાનું ચૂકી જતો હોય છે. કામચોરી અને બેજવાબદારીની માનસિકતા મુસ્લિમ સમાજમાં ભિક્ષુકોની તાદાદ વધારી રહી છે. આ તાદાદ માટે સરકાર કે વિધર્મીઓની જવાબદારીનો મુદ્દો અલગ છે, આમાં ખુદની જવાબદારી ઓછી નથી, એ આપણે પ્રામાણિકતાથી સ્વીકારવું જોઈએ.

મુસ્લિમ સમાજમાં ભિક્ષુકોની સતત વધતી જતી સંખ્યાને કાબૂમાં લેવા શું થઈ શકે ? આનો સરળ ઉપાય એ છે કે ઝકાતના વધુમાં વધુ નાણાં મુસ્લિમ સમાજની સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને આપવા. આપણી આસપાસ જિલ્લામાં અને તાલુકામાં, રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ કાર્ય કરતી આવી સેંકડો સંસ્થાઓ છે, જે આપના નાણાંનું વ્યવસ્થિત આયોજન કરી હકદારો સુધી પહોંચાડી શકે છે. મદ્રસાઓ, હોસ્પિટલો, મુસાફરખાનાઓ, સ્કૂલો, હોસ્ટેલો વગેરેની સ્થાપના અને સંચાલનમાં આપનાં નાણાં વડે આપ સમાજના ઉત્થાનમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી શકો છો. અનેક સંસ્થાઓ સમાજના નબળા વર્ગના લોકોને વ્યાજ વગરની લોન આપી, તેમને આર્થિક સહયોગ વડે ધંધા-રોજગારમાં મદદરૂપ થઈ સ્વમાનભેર જીવવા માટે પ્રોત્સાહિત કરે છે. સામાજિક ઉન્નયનના આવા કાર્યક્રમોમાં આપના નાણાં રોકાતાં હોય તો એથી રૂડું બીજું શું હોય શકે ?

આંગણે આવીને ઊભા રહેતા દરેક ભિક્ષુકને ભિક્ષા આપવી જ જોઈએ, એવી માનસિકતામાંથી મુક્ત થવાની જરૂર છે. આ લોકો ઝકાત - ખયરાત આપવાના જ છે.' એવી પણ ઘણાખરા ભિક્ષુકોને ખાતરી હોય છે. આથી જ્યાં સુધી તેમને ભિક્ષાપાત્રમાં, લંબાવાયેલા હાથમાં કંઈ ન મળે ત્યાં સુધી તેઓ ખસતા નથી. લીધા વિના ન ખસવુંએવી વૃત્તિ મુસલમાન ભિખારીઓમાં વધુ દેખાઈ છે. તેઓ લેણદાર હોય તેમ બૂમો પાડે છે. જિદ કરે છે, ક્યારેક તો અમુક ચોક્કસ રકમની 'સવાલી' ભીખ માંગે છે અને મોટાભાગના કિસ્સામાં તેમને મનમાની ભીખ મળી જાય છે. ખાસ કરીને ઘરની સ્ત્રીઓ તેમને ઇચ્છા મુજબની ભીખ આપી દેતી હોય છે, પણ મારો કહેવાનો આશય એ છે કે દરેક ભિક્ષુકને ભિક્ષા આપવી જ એવું મને જરૂરી લાગતું નથી. ભિખારીઓને ઓળખવાનું ડહાપણ પણ આપણે કેળવવું પડશે. ભીખ માંગવી એ ધંધો નથી, મજબૂરી હોય શકે. આપણે ભિક્ષુકોનાં ટોળામાંથી મજબૂર ભિક્ષુકોને શોધી તેમને મદદરૂપ થવાનું છે. અપાહિઝ ભિક્ષુકોને અવશ્ય ઝકાત - ખયરાત આપવી જોઈએ. તેઓ એના સાચા હકદાર છે.

પરંતુ કિશોર અને યુવા વયના ભિક્ષુકોને આ વૃત્તિ - પ્રવૃત્તિમાં મુક્ત કરાવી કામધંધે વળગાડવા એ આપણું સહુથી મોટું અને કપરું કર્તવ્ય છે. વ્યક્તિગત સ્તરે આ કામ કેટલું થઈ શકે ? આપણી સંસ્થાઓએ ભિક્ષુકોને ભિક્ષાવૃત્તિ છોડી રોજગારોમાં જોડાય, સ્વમાનભર્યું જીવન જીવે એવા કાર્યક્રમો ઘડી કાઢવા જોઈએ. શા કારણે તેઓ ભિક્ષાવૃત્તિ તરફ વળ્યાં છે ? એમાંથી મુક્ત થઈ તેઓ બીજા કયા રોજગારોમાં જઈ શકે તેમ છે ? એના સર્વેક્ષણો આપણી સંસ્થાઓ કરી શકે. સંસ્થાઓએ એમના પરંપરાગત કાર્યક્રમો ઉપરાંત આવા આયોજનો પણ કરવા જોઈએ. સમજાવટથી, માનસ - પરિવર્તનથી દરેક સમસ્યાનો, દરેક દૂષણનો ઉકેલ આવી શકતો હોય છે.

દરેક મુસલમાન સ્ત્રી-પુરુષે સંકલ્પ કરી લેવો જોઈએ કે પોતાના આંગણે આવીને ઊભેલા બાળભિક્ષુને તો ભિક્ષા ન જ આપવી. બાળમજૂરો પાસે મજૂરી કરાવવી ગુનો બને છે. કાયદામાં દંડ અને સજાની જોગવાઈઓ છે, તો બાળભિક્ષુઓને ભિક્ષા કઈ રીતે આપી શકાય ? આપણી સંસ્થાઓના કાર્યકર્તાઓએ બાળભિક્ષુઓના વાલીઓ સુધી પહોંચી તેમની પાસેથી એ બાળકો દત્તક લઈ તેમને સ્કૂલ-મદ્રસાઓમાં દાખલ કરી તેમના ખર્ચની તમામ જવાબદારી ઉપાડી લેવી જોઈએ. દરેક રીતે સ્વસ્થ, તંદુરસ્ત, સુંદર બાળકોને ભિક્ષાના 'વ્યવસાય' માં ધકેલતા મા-બાપ કે વાલીઓને પણ કાયદાકીય શિક્ષા થાય એ માટે સંગઠનોએ કામ કરવું જોઈએ. આવાં બાળકો શાળાઓમાં ભણતા હોય, મક્તબોમાં દીની તાલીમ હાંસલ કરતા હોય ત્યારે તેમનો નિર્વાહ ઝકાત કે દાનનાં નાણાંથી સહેલાઈથી થઈ શકે. આ પ્રમાણે કરવાથી સમાજથી ભિક્ષાવૃત્તિનું દૂષણ ઓછું તો જરૂર થશે જ અને સમાજને શિક્ષિત અને સ્વસ્થ, જાગૃત અને સંતુલિત કરવામાં યોગદાન આપી શકાશે.

આમ, મુસ્લિમ સમાજનો બુદ્ધિજીવી વર્ગ, વિનયવિવેકવાદી વર્ગ જો ઇચ્છે તો 'ઝકાત' વડે જ સમસ્ત મુસ્લિમ સમાજનું નવનિર્માણ કરી શકે. ઝકાત આપવી-લેવી એ માત્ર ક્રિયાકાંડ નથી. ક્યાં આપવી અને કોણે લેવી ? એ વિચારનીય છે. અલબત્ત, ઇસ્લામે એ બાબતે માર્ગદર્શન આપેલું જ છે, પરંતુ એના અનર્થ થઈ રહ્યા હોય કે ગેરલાભ ઉઠાવાઈ રહ્યા હોય એવું મને લાગતું રહ્યું છે. એટલે ઝકાત સંબંધિત કેટલીક વાતો લખવાની ધૃષ્ટતા કરી છે. આપણી સંસ્થાઓએ આવા મુદ્દાઓ પરત્વે ચર્ચાસભાઓ યોજી ઉકેલો શોધી કાઢવા જોઈએ. મારા ઉપરોક્ત વિચારોથી કોઇનું દિલ દુભાયું હોય તો હું ક્ષમા યાચું છું. ■

# એક તણખલાની વાત

- હનીફ નાડત કોંઠ

"સાંભળો.... બાજીને આજે સવા મહિનો પુરો થયો... આપણને યાદતો ખૂબ આવે બાજીની પણ આપણે પામર માનવી શું કરી શક્યે ?" "યુનુસ.... હવે શોક મેલીને ખેતી વાડીના કામમાં ધ્યાન આપો... જનાર તો અનંતની યાત્રાએ જતા રહ્યા... આપણે બાજી ના હકમાં દુઆ કરવાની....." શોક મગ્ન બેઠેલ યુનુસને એની પત્ની નસીમે ઉપરોક્ત વાત કહી... વાત સાંભળી યુનુસ બોલ્યો"... હા નસીમ બાજી તો જતા રહ્યા... હવે ઘરની-જમીનની જવાબદારી મારે માથે આવી પડી... ભલે સવા મહિનો થયો... પણ મારા બાજી મારે હૈયેથી નથી નિકળતા... શું કરૂ... પહેલા માં આપણને છોડી જતા રહ્યા ને હવે બાજી જતા રહ્યા... જેવી પાક પરવર દિગારની મરજી....

પંખીના માળા જેવું ત્રણેક હજારની વસ્તીવાળુ ખૂબ રળિયામણું એક ગામ... ગામમાં મુશાબાજી... એમનો દિકરો યુનુસ એની પત્નિ નસીમ અને બે બાળકો જોડે રહે... મુશાબાજી આમ તો ખેડુત હતા. બે લાકડાની એમની જમીન વળી પાછુ દુઝાણ, પણ... મતલબ મધ્યમ વર્ગના મુશાબાજી એમના નાના પરિવાર જોડે સુખેથી રહેતા.... મુશા બાજીના તોલે ગામમાં શ્રીમંત લોકો પણ હતા.... પણ મુશાબાજી જેવી લોકપ્રિયતા ભાગ્યે જ એકમાં હોય... મુશાબાજીની લોક પ્રિયતાનું એક કારણ આ હતું કે એમને સમાજ સેવાનો ખૂબ ચસકો. મુશાબાજીને એવી ધુન વળગેલી કે ગામ આખાનો ભાર માથે લઈને ફરતો ને મફતમાં લોહિ ઉકાળા કરતા. આખો દિવસ જરાય ફુરસદ ન હતી. આમ તેમથી કોક હાજર જ હોય. બારણે સુંદર હિંચકો સામે પરસાળમાં દશ-પંદર લાકડાની ખુરશીઓ જાણે ગામની કોરટ જ મુશાબાજીનું ઘર. ઘણા ખરા દખાતો બાજી પોતાના આંગણે જ ઉકેલી દેતા. ગાંઠનીચા પાયને, એ અળધી રાત સુધી આમ લોકોની અવર જવર રહે એમના આંગણે. એક ભેંસ તો ગામના મફતિયાઓની ચ્હા-પાણી માટે જ રાખેલી ચુલેથી તપેલી ઉતરેજ નહીં. પાછી બાજીની એવી ધાક કે ઘરમાં કોઇ ચું-ચા કરી જ ન શકે. યુનુસ એની પત્નિ મુશા બાજીના આવા કાર્યો થી કંટાળી ગયેલા .... પણ શું કરે... મુશાબાજીના પત્નિ હયાત હતા ત્યારે ટકોર પણ કરતા કે... "રેવા દો રેવા દો. આમ ગાંઠના ગોપીચંદ કરવાના... હવે તો આપણા યુનુસની વહુ પણ આવી એ પણ તમારા આવા ભવાડા મુંગા મોઢે સહન કરી રહી છે... પણ અમો બૈરાઓની પણ એક મર્યાદા હોય... તમો આમ હાલતા આલ્યા- માલ્યાઓને ચ્હા-પાણી કરાવીને રાજી થાવ. પણ... તમોએ અમારી કદર ક્યારેય કરી છે... " વહુ આઘી પાછી હોય ત્યારે મુશાબાજીને એમની પત્નિ આમ દમદાટી આપતા.... પણ બધુ જ વ્યર્થ તો વળી છાને ખુણે દિકરો યુનુસ પણ બાજીને સમજાવતો... "જુંઓ બાજી હવે તમારી ઉંમર થઈ.... માદા-સાજા ચાલ્યા કરો... હવે તો આ લપ છોડોને.... ગામના ઝગડાનો ઉકેલ લાવનારા ગામમાં ઘણાં છે... સરપંચ છે... બીજા પણ ગામમાં એવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ છે જ ને... ? ગામ લોકો પણ એમને રહેવા દઈને તમારી પાસે જ દોડે.... છોડોને બાજી આ બધી લપ.... તમારે તો ત્રણેવ સીઝનના અલગ- અલગ ઝગડાઓનો નિકાલ લાવવાનો... ઉનાળે ખેતરના શેઢાનો ચોમસે પેલાનું પાણી મારા વાડામાં કેમ પેઠું એનો ઝગડો ને શિયાળે લગ્ન પ્રસંગોના ટાણાં ઉકેલવાના.... બસ બાજી બસ.... હવે તમો આ બધુ પડતું મેલો... ને પાક પરવર દિગારના ઝિક્રમાં મનને પરોવો...' એકના એક દિકરા યુનુસની વાતે મુશા બાજી હસી પડતા અને બોલતા... "યુનુસ... તે આજ સુધી ક્યારેય જોયુ દિકરા કે મારો કરેલ ફેસલો ગામના એકે પણ ઉઠાવ્યો હોય ? અને હા દિકરા આપણાં બે મીઠા બોલે ગામના કોઈનું કામ ઘર આંગણે પતી જતુ હોય તો આપણને પણ સવાબ મળે કે નહી ? ભલેને આપણા ચ્હા-પાણી પીવાઈ જાય... ગામની ભલાઈમાં જ હું તો મારી સફળતા સમજું છું. અને હા દિકરા ....માન કે કાલે ઉઠીને હુ આ પૃથ્વી ઉપર ન હોઉં ત્યારે તું આવા લોક સેવાના કાર્યો ન કરતો. તને છુટ છે. આવુ બધુ ન કરવાની... પણ દિકરા યુનુસ હું જીવું ત્યા લગી તો ગામના કામમાં કુદવાનો જ... અને દિકરા... ગામનો કજિયો ગામમાં રહે એમા જ આપણાં ગામની શોભા... બાકી ગામ બહાર ગયો એટલે એ ઝઘડો આપણે ન રહે... પ્રથમ પોલીસવાળા ગજવા ભરે ને પછી કાળા કોટવાળા આપણને વેતરી નાખે... માટે મને મારૂ કાર્ય કરવા દે... તુ ન કરતો ... બસ... અને દિકરા એક છેલ્લી વાત પણ સાંભળ મારી આ સિત્તેર વર્ષની ઉંમરમાં નવ્વાણું ઘર ભાંગતા બચાવ્યા છે... ગામના અને ગામની આસપાસના કેટલા ગામડે હું જઇને ઉભો રહું... એટલે ... દિકરીવાળા... કહે... મુશાબાજી... આગળ પડ્યા એટલે બાકી આખો મામલો કોરટે ચઢાવતે ...બોલ યુનુસ આવા નવ્વાણું ઘરો છુટાછેડાની અણીએ પહોંચી ગયેલા એમના સંસારમેં મંડાવ્યા હતા... બસ... એક બાકી છે... સો પુરા થવામાં...."

યુનુસ બાજીની આવી ગાંડી ઘેલી વાતો સાંભળીને ચૂપ થઈ જતો... પત્નિ નસીમ પણ... ગામડા ની ખેડૂતની પૂત્રી હતી... ઘાંચી ની દિકરી ખોળ ને તો ઓળખતી જ હોય. એ પણ કંઇ કહેતી નહી. પોતાના સસરા ગામમાં જમાદાર થઈને ફરે અને ગામનો ન્યાય તોળે... એ પણ નસીમને ધીમે ધીમે પસંદ પડવા માંડ્યું હતું... યુનુસ... પણ ત્યાર પછી

પોતાના બાપને એક હરફ પણ ન કહેતો.

મુશા બાજીને ગામના ઝગડા પતાવવામાં એક અલૌકિક આનંદ આવતો. દિકરો યુનુસ પણ ઝાઝુ પોતાના બાજીને કંઈ કહેતો નહી... એ એના ખેતીકામ માં મશગુલ રહેતો... અને એક રાત્રે અચાનક બાજી ને છાતીમાં દુઃખાવો થયો... શહેરની હોસ્પિટલ લઈ જવા ગામના સરપંચે પોતાની જીપ આપવા કહી.... હજુતો બાજીને શહેર લઈ જવાની તૈયારી કરે ત્યાંજ બાજીનું પ્રાણ પંખીરૂ ઉડી ગયૂ.... બાજી આ ફાની જગત છોડીને ખુદાપાકના દરબારમાં જતા રહ્યા... આજે સવા મહિનો થયો... યુનુસ બાજીની યાદોમાં ખોવાયેલ હતો કે નસીમે એની યાદોમાં વિહમે પાડ્યો... નસીમે યુનુસ સામે જોયું તો એની આંખોના ખૂણે એક એક અશ્રૂનું બિંદુ ચમકી રહ્યુ હતું.

સમય પતંગીયાની પાંખે વહેતો રહ્યો.... ગામ લોકોના હૈયેથી હજુ મુશાબાજી નિકળ્યા ન હતા... સહુને એમની કોઠા સુઝ પ્રત્યે માન હતું. પણ... યુનુસે કોઈ દિવસ બાજીની જગ્યા લેવાનો વિચાર શુધ્ધા ન કર્યો. ''કોણ પારકી પંચાતમાં પડે.'' આવા વિચારો સાથે યુનુસનું જીવન આનંદથી પસાર થવા લાગ્યું.

આમને આમ વરસેક દિવસ વિત્યુ હશે કે ગામના જ ખાનચાચા ના સલીમ નું લગ્ન જીવન ખોરંભે ચડ્યૂં... ને એની પત્ની રેશમા એના પિયર બાજુના ગામડે ઉપડી ગઈ... ખાનચાચા મૂળ તો પઠાણને પાછા ગામમાં એમનો રોફ... પણ... સામે સલીમના સસરા પડખે પણ સવાયા... ચરતા ઘોડા વેચી નાંખે એવા... ત્રણ ભાઈની એકની એક બહેન રેશમા આમ સાસરેથી પરત ફરી... અને ત્રણેવ ભાઈઓની ડાગળી ચસકી... એતો ગામના બે એક વ્યવસ્થીત માણસો એ ત્રણેવ ને સમજાવ્યા કે... મગજ જરા ઠંડુ રાખો આપણી દિકરીનો સવાલ છે. આમ તોફાન કરવા સામેના ગામે ન જવાય... ત્યારે પેલા ઠંડા પડ્યા...

રેશમાનો ઝગડો આમ કંઈ મોટો ન જ હતો.... એ જ સાસુ- નણંદની ચણભળ... પણ રેશમા એના પિયરમાં સહુની લાડકી.... એટલે હાલી નિકળી બાપના ઘેર... આમને આમ સલીમરેશમા નું લગ્ન જીવન મામુલી વાતે ખોરંભે ચડ્યું. આ તરફ ખાન ચાચો ચગે ને ત્યાં રેશમાના ભાઈઓ ડાંગો ઉછાળે... આ વાતને વરસેક થયું... કોઈ પણ ઉકેલ ન આવ્યો. ત્યારે ગામ લોક મુશાબાજીને યાદ કરવા લાગ્યા... એમની ખોટ વર્તાવા માંડી... સલીમના પડખે ગામના સજ્જન લોકો સલીમના સસરાને સમજાવવા બે - ત્રણ વખત રેશમાના બાપ પાસે ગયા પણ ખરા... પણ બધુ વ્યર્થ ... હવે તો સલીમનો સસરો કોર્ટે ચઢવા તૈયાર થયો... તો સલીમે છેલ્લી વાર ગામના સરપંચને સાસરીમાં મોકલ્યા... ''જાવ ને સરપંચ કાકા... એઓ કોર્ટે ચઢશે તો ધક્કા ખાય ખાયને અમોને એઓ ખુવાર થઈ જશે...'' સલીમની વાત સાંભળી સરપંચ રેશમાના ગામ ગયા. શાંતિથી બધી વાત કરી... રેશમાને જોડે મોકલવા વિનંતી કરી ત્યારે રેશમાના બાપ બોલ્યા. ''સરપંચ સાહેબ કાશ કે આજે તમારા ગામના મુશાબાજી જીવતા હોત... હું સેકન્ડનો વિચાર કર્યા વિના મારી દિકરી એમની જોડે વળાવી દેત... પણ સાંભળો સરપંચ... જાવ... એનો એક દિકરો છે એને મોકલો... એની સાક્ષી એ હું મારી રેશમાને મોકલીશ... બાકી અઠવાડીયામાં... કોરટે ચઢતા અમને કોઈ રોકી નથી શકવાનો.''

સરપંચે ઘેર આવી સલીમને વાત કરી એણે એના બાપને કે મુશાબાજીનો યુનુસ જો તેડવા આવે તો જ રેશમાને એના ઘરવાળા સાસરે મોકલશે... આ વાત સાંભળી... સલીમ એનો બાપ અને એની મા રાત્રે આઠેક વાગ્યે યુનુસના ઘરે આવ્યા. યુનુસને વિગતે વાત કહી. યુનુસ પણ આશ્ચર્ય પામ્યો કે હું તણખલા જેવો... આપ મને આવી વાતમાં કોઈ ગતાગમ નહીંને સામે પક્ષવાળા માથી સાક્ષી એમની દિકરી મોકલવા તૈયાર થયા હું એ બધાને રેશમાભાભી સિવાઈ ઓળખાતો પણ નથી અને આવી મોટી જવાબદારી મારા માથે મુકી એજ મને નવાઈ જેવુ લાગે. અને સલીમે યુનુસને વિનવણી કરી... ખાનચાચા પણ... રોતલ ચહેરે બોલ્યા.. ''દિકરા યુનુસને વિનવણી કરી... ખાનચાચા પણ.. રોતલ ચહેરે બોલ્યા. '' દિકરા યુનુસ આ તારા બાજી ના સદ કાર્યોની મહેક પ્રસરી રહી છે... બાકી આમ પણ વેવાઈ તને કયાં ઓળખે છે.. ? જા દિકરા યુનુસ... કોરટ કચેરી એ એઓ ચઢશે તો મારા સલીમનો માળો વિખરાય જશે... એક નજેવા કારણસર મારા દિકરાના છુટાછેડા થશે. દિકરા...કાલ સવારે જા... અને સાથે સલીમને પણ લઈ જા અને રેશમાને તેડી લાવો.

યુનુસે આંખો બંધ કરી કે બાજીના શબ્દો એના કાને આકડાયા. ''દિકરા મેં મારા જીવનમાં નવ્વાણું જણાંના ઘર તુટતા બચાવેલા... બસ એક બાકી છે..'' બાજીના આ શબ્દો યાદ આવ્યા કે યુનુસ મનોમન બોલ્યો. 'બાજી.... સો મુ લગ્ન જીવન.... હું પાર ઉતારીશ... તમારા નામનો ડંકો તો આજે પણ વાગી રહ્યો છે... બાકી મારા જેવા તણખલાની શું વિસાત.'' અને વહેલી પ્રભાતે સલીમ અને યુનુસ ઉપડ્યા. રેશમા ના ઘેર... સલીમના સસરાએ બંનેને મીઠો - મધુરો આવકાર આપ્યો. અંતે બપોરે જમી-પરવાળીને દિકરી રેશમા માટે ગાડુ જોડાવ્યું. રડતા રડતા.. રેશમા ગાડે ચઢી... સલીમ ના સસરાએ યુનુસને કહ્યુ. ''દિકરા યુનુસ... વર્ષો પહેલા મારૂં પોતાનું લગ્ન જીવન આમ જ નજેવી વાતે ખોરંભે ચડ્યૂં હતું. એ તારા બાજીએ ચપટી વગાડતા સુધારી આપેલ,.... એટલે આજે આ મારી દિકરી ને તારી સાક્ષી એ મોકલું છું. બાકી કોઈ નવાબ આવતે એને પણ ધુતકારી નાંખતે.'' ગાડુ... ધીમે ધીમે.. સરકવા માંડયું. ■

પ્રેસ માટે કોમ્પ્યુટર
ટાઇપ લખવું છે.
લિ. દીપક

સોરી

તમો લડવા ચાહતા હો.
જો કે લડવાની હિમ્મત,
તકરારની તાકત,
હું પણ ધરાવું છું.
પરંતુ સોરી.
આઇ એમ વેરી સોરી.
અત્યારે હું
મહોબતમાં બીઝી છું.
સોરી
પછી ક્યારેક
નવરાશે આવજો ને !

— દીપક બારડોલીકર
(માન્ચેસ્ટર) જુન ૨૩ ૧૯૯૮

## ભુલ સુધાર

ડીસેમ્બર-૨૦૨૧ ના અંકમાં પેજ નંબર ૧૫ ઉપર આપણી બરબાદીનું અસલ કારણ શીર્ષક હેઠળ છપાયેલ લેખમાં સુરહ આલિ ઇમરાન : આયત ૧૩૯ : પારહ ૪) ની આયત છાપવામાં ભુલ થઇ હતી. જેને સુધારી આ આયત પઢવી.

وَلَا تَهِنُوا وَلَا تَحْزَنُوا وَأَنتُمُ الْأَعْلَوْنَ إِن كُنتُم مُّؤْمِنِينَ ﴿١٣٩﴾

## મારે શું ?

એક ઉંદર કસાઈના ઘરમાં દર બનાવીને રહેતો હતો. એક દિવસ ઉંદરે જોયું કે કસાઈ અને તેની પત્ની એક થેલામાંથી કંઇક કાઢી રહ્યા હતાં. ઉંદરને લાગ્યું કે કદાચ કંઇક ખાવાની વસ્તુ છે. ઉત્સુકતાવશ તેણે જોયું કે તે તો ઉંદર પકડવાનું પિંજરું છે. ખતરાની ગંધ આવતાં જ તેણે આ વાત ઘર પાછળ માળો બનાવીને રહેતા કબૂતરને જણાવી કે ઘરમાં પકડવાનું પાંજરુ આવી ગયું છે, ચેતીને રહેજે, પણ કબૂતરે તેની મજાક ઉડાવતાં કહ્યું, મારે શું ? હું ક્યાં એમાં ફસાવાનો છું. આ સાંભળી નિરાશ થયેલા ઉંદરે એ વાત મરઘીને જણાવી, પરતું ત્યાંથી પણ ઉંદરને એવો જ જવાબ મળ્યો. હવે નિરાશ થઈ ઉંદરે વાડામાં જઈ બકરાને આ વાત જણાવી. આ સાંભળી બકરો તો હસતાં હસતાં લોટપોટ જ થઈ ગયો. તે જ રાત્રે ઉંદર પકડવાના પિંજરામાં એક ઝેરીલો સાપ ફસાઈ ગયો. કસાઈ પતિ-પત્નીને અંધારામાં તેની પૂંછડી જોઇ લાગ્યું કે તે ઉંદર છે. તેને પકડવા જતાં સાપે તેને ડંખ માર્યો, જેના ઈલાજ માટે કસાઈએ તાત્કાલિક હકીમને બોલાવ્યો. હકીમે કીધું કે કબૂતરનો સૂપ પીવડાવો તો કંઇક થાય. હવે કબૂતર તપેલામાં બફાઈ રહ્યું હતું. આ વાતની જાણ થતાં કસાઈના સગા તેને મળવા માટે આવ્યા અને કસાઈ પરિવારની પરંપરા મુજબ ભોજન માટે મરઘી હલાલ થઈ. થોડા દિવસો બાદ કસાઈની પત્ની ઠીક થઈ, જેની ઉજવણી કરવા માટે કસાઈએ દાવતનું આયોજન કર્યું અને બકરો પણ હલાલ થયો, પરતું બધાંને ચેતવણી આપનાર ઉંદર કસાઈના ઘરેથી ખૂબ જ દૂર ચાલ્યો ગયો હતો માટે તે બચી ગયો.

આ પ્રસંગ પરથી એટલું જાણી લેજો કે ક્યારેય કોઈ તમને ખતરા અંગે ચેતવણી આપે તો ક્યારેય એવું ન વિચારતા કે મને શો ફરક પડવાનો છે ? સમાજની એક વ્યક્તિ, એક ભાગ ખતરામાં છે, તો સમજવું કે આખો દેશ ખતરામાં છે. નાત-જાતના વાડામાંથી બહાર નીકળો, ખુદ પૂરતા જ મર્યાદિત ન રહો. સામાજિક બની એકબીજા અંગે વિચારો. ■

# શિક્ષક અને પ્રશિક્ષણ

૧૯૪૭માં સ્વતંત્રતા મળતાની સાથે આપણને નાગરીકતા મળી.અને તે પેહલાં આપણે બ્રિટિશ પ્રજાનાં ગુલામ કેહવાતા. અહીં આ આર્ટિકલમાં મે શરૂઆત તદ્દન અલગ રીતે કરેલી છે અને જે શિર્ષક મેં આપ્યું છે એનાથી બિલકુલ વિપરીત વિષય વસ્તુ ચાલી રહી છે જેનું મને સભાનતા પૂર્વકનું જ્ઞાન છે જ. પણ થોડા ફ્લેશબેકમાં જઇ આપણે વાત કરીએ પછી કેન્દ્ર વિષયવસ્તુ પર આવીએ. તો પેહલાં આપણે ગુલામ કેહવાતા ને આઝાદી પછી આપણે નાગરીક બન્યા. અહી મેં નાગરીક શબ્દ બહુ વિચારીને વાપર્યો છે. હવે મૂખ્ય બાબત મારે અહીં જે રજુ કરવાની છે તે એ છે કે આપણે ૭૪મો પ્રજાસત્તાક દિન ઉજવ્યો. તો શું પ્રજાસત્તાકના ૭૫ વર્ષો પછી પણ આપણે આઝાદ છીએ ખરા ? શું આ પ્રશ્ન આપ સહુને હચમચાવી મૂકે એવો નથી ! તો શું મારો પ્રશ્ન ખોટો છે?

આપણે હવે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યુ છે અને સાર્વભૌમ લોકશાહી ગણતંત્રની રચના કરી છે. પણ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી શું? લોકોને આપેલાં બંધારણીય વચનો જ ફકત કેન્દ્ર સ્થાને છે? શું એક નાગરીક તરીકે આપણા પક્ષે કશું કરવાનું હોતું નથી? શું આપણા પક્ષે કોઇ ખ્યાલો આદર્શો કે આપણી કોઇ ફરજો નથી !આપણા ભાવિ અંગે શું આપણને કોઇ ચિંતા જ નથી. અને હવે મૂખ્ય મુદ્દો ઉચ્ચારુ તો આ દેશનાં ભાવિ અને તે માટે કાર્યશીલ બની લોકોને યોગ્ય કટિબધ્ધ બનાવવાનું મહામુલુ કાર્ય એક શિક્ષક જ કરી શકે. મારા મનોમંથન પ્રમાણે શિક્ષક એ વર્ગમાં ફકત એક પુસ્તકિયો કારીગર ન હોવો જોઇએ. શિક્ષક પોતાની વેલ્યુ સમજે. શિક્ષક કદી પણ સાધારણ હોઇ જ ન શકે. તે એક એવું પ્રભાવી વ્યકિતત્વ ધરાવે છે કે આ દેશનો લગભગ દરેક નાગરીક તેનાં હાથ નીચેથી તૈયાર થઇને કોઇક ને કોઇક ફીલ્ડ શોભાવશે.

શિક્ષકો માત્ર ભણાવતાં જ નથી તે પોતાનાં વિધાર્થીઓને પ્રેરે પણ છે. અને આ પ્રેરવા માટે શિક્ષકોએ પોતાનાં અંદર શકિત પેદા કરવી પડશે. અને એ શકિત તે તેનાં દરેક વિધાર્થીમાં સારા ગુણ પ્રસ્થાપિત કરી શકાય તે માટે કામે લગાડવાની છે.શિક્ષકે વિધાર્થીને માત્ર પુસ્તકિયું જ્ઞાન કે સમજ જ આપવાનાં નથી, પણ પોતાનાં વિધાર્થીના જીવન અને ચરિત્ર પર તેણે અસર કરવાની છે. તેઓ રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં એક ઉત્તમ નાગરીક તરીકેની ભૂમિકા નિભાવે તે માટે તેમને સક્ષમ બનાવવાનાં છે. અને એ વિધાર્થીઓ તમારી પાસે હોય તે સમયગાળા દરમ્યાન જ તમારે આ કાર્ય કરવાનુ હોય છે. પણ આમ કરવાથી તમારો વિધાર્થીવર્ગ પોતાનાં જીવનનાં અંતકાળ સુધી તમન યાદ રાખશે.અને એને એ વાત સુપેરે શીખવવાની જરૂર છે કે જે રાષ્ટ્રમાં તે રહે છે તે એક વિવિધતામાં એકતાથી પ્રજવલ્લિત રાષ્ટ્ર છે.જુનવાણી,કટુતા,કુટનીતિ, જ્ઞાતિવાદ, ધર્મવાદ,પ્રાંતવાદ,પ્રદેશવાદ,ભાષાવાદ જેવા વાદોને સ્થાને રાષ્ટ્રવાદની ભાવના તેમનાં અંદર વિકસે તે માટેનાં સઘન પ્રયાસો કરવાનાં છે. જ્ઞાતિનાં અલગાવવાદ અને ઉચ્ચતાનાં સર્વે અભિમાનને દૂર કરતાં અસ્પૃશ્યતા,કોમ કોમનાં ભેદો અને શત્રુવટ દૂર કરતાં પણ શીખવવાનું અને આપણું બંધારણ ઘોષિત કરે છે તે પ્રમાણે વ્યકિતનું ગૌરવ અને રાષ્ટ્રિય એકતાનો પાઠ પણ ભણાવવાનો છે. આપણી ભિન્નતામાંથી સૌ નીકળે અને સુગ્રથિત રાષ્ટ્રના વિકાસ અને તેનાં નિર્માણમાં સાધનરૂપ બનવા માટે પણ વિધાર્થી વર્ગને કેળવવાનો છે.આપણા બંધારણની ઉદાર માનવતાવાદી ભાવનાઓનો પરિચય તેમને સૌને કરાવવાનો છે. અને આ ભાવનાઓ સામાજિક અને રાજકિય રીતે પ્રબળ બને તેવી ઉત્કંઠતા તેમનામાં નિરૂપવાની છે. ચારિત્ર્ય ઘડતર થાય અને રાષ્ટ્રિય અભિગમનો પણ તેમનામાં વિકાસ થાય તે માટેનાં સબળ પ્રયાસો કરવાનાં છે. એક શિક્ષક તરીકે હું અને તમે ફકત બે પાંચ હજાર

કે પચ્ચીસ પચાસ હજારનાં કર્મચારીઓ નથી.વી આર નૉટ અપોઇન્ટ ફૉર ધ જોક.વી ઑલ આર હિયર ફોર ધ રિઝન. ઍન્ડ ધ રિઝન ઇઝ ટુ બીલ્ટ ધ નેશન. આપણે આપણી જાતને ફક્ત મામુલી પગારદાર ન સમજીએ.શિક્ષક સમાજનો રચયિતા છે, રાષ્ટ્રનો ઘડવૈયો છે. પણ આપણે રાષ્ટ્રનાં સાચા ઘડવૈયા ત્યારે જ સાબિત થઇશું જ્યારે આપણું બાળક તે મકામ હાંસલ કરે. તમે આજે તમારા બાળકને જે શીખવો છો તે બાબત નકકી કરશે કે તેમની આવનારી પેઢી કેવી હશે અને ભવિષ્યમાં તેમાંથી કેવાં બીજો પાકશે. હવે પાછો મારી મૂળ વાત ઉપર આવું તો શું હજી પણ આપણે ગુલામ નથી? જવાબ હું જ વાળું તો હા. હજી આપણે ગુલામ જ છીએ. ૬૫ કરોડ કરતાં વધુ યુવાનો આ દેશ પાસે હોવાં છતાં ઘણા મોટા ભાગનાં ભણેલાં અભણની સ્થિતિમાં છે. ઉધાર વિચારો સાથે જીવન જીવે છે.નવીન ટેકનોલોજી તો જાણે છે પણ તે ટેકનોલોજીનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણ અને તેનાં વિકાસ ક્ષેત્રે કેવી રીતે કરી શકાય તે પ્રકારની પ્રવૃત્તિઓથી વાકેફ નથી. ને વિટંબળા એ છે કે, આપણી પાસે તે માટેનાં કોઇ પ્રયાસો પણ નથી.ભણતર છે પણ વૈચારિક રીતે મનસ્વીતાનો શૂન્યાવકાશ છે.ટેકનોલોજી છે પણ યોગ્ય ઉપયોગલક્ષી જ્ઞાનનો દૂકાળ છે. જીવે છે પણ પરધર્મી કે પરજીવી પ્રત્યેની લાગણી અને પ્રેમનાં દેવાળા ફૂંકાયા છે. આદર માન સન્માન જેવાં સામાજિક મૂલ્યો સમાજમાંથી વિસરાતાં જાય છે અને છળકપટ,તૂમાખી,અંધાધૂંધી અને અસામાજિક પ્રવૃત્તિઓનો વ્યાપ વધતો જાય છે ત્યારે હવે શિક્ષક હાથ પર હાથ રાખી બેસી રહી શકે નહી. આવા સમયે એક શિક્ષક તરીકે મારો આપ સહુ રાષ્ટ્રનાં ઘડવૈયાઓને મારો અનુરોધ છે કે આપણે સહુ સમાજની નવરચનાં અને રાષ્ટ્રનાં નવવિનિર્માણ માટે સજાગ થઇએ.

અને આમ કરવા માટે હવે શિક્ષકનાં પ્રશિક્ષણની આવશ્યકતા ઉભી થઇ છે. આપણાં બાળકોને આપણે આ પ્રકારનાં શિક્ષણ માટેનું ઉત્તેજન આપવું જ પડશે. મનની અને અભિગમ અંગેની એ જ પુરાણી અને બંધિયાર વ્યવસ્થા માંથી મૂકત કરવાનાં પ્રયાસો કરવા પડશે. અને તેમને સર્જનાત્મકતાનાં પાઠ શીખવવાં પડશે. અને તેનાં માટે આપણે મહત્વનો ભાગ ભજવવો પડશે.ફક્ત પુસ્તકિયાજ્ઞાનથી ભરેલાં ભેજાવાળાં નહી પણ પ્રશિક્ષણથી કેળવાયેલાં ચિતવાળાં ને યોગ્ય પ્રશિક્ષણની તાલીમ પામેલાં શિક્ષકોની આજે તાતી આવશ્યકતા ઉભી થઇ છે. અને એ તાલીમ પામેલો શિક્ષક વર્ગ અધ્યયનકાર્ય અને અધ્યાપનકાર્યમાં સંકલન સાધી જ્ઞાનની ક્ષિતિજ વિસ્તારે તેવાં પ્રયાસો થવાં જોઇએ.

શિક્ષણનું ધ્યેય બાળકનાં સર્વાંગી વિકાસનું છે, ભવિષ્યમાં તે જીવનનાં કે વ્યવસાયનાં કોઇ પણ ક્ષેત્રમાં સફળ રહી આનંદ પામી શકે તેવી આવડત, જ્ઞાન અને કૌશલ્યો શીખવવાનું એ જ શિક્ષણનું લક્ષ છે. શિક્ષણ શબ્દ સંસ્કારો અને સભ્યતા સાથે સદ્‌વર્તન અને સદ્‌ગુણી સદ્‌ભાવ સાથે ચારિત્ર્ય સાથે અનુબંધિત છે. તેથી ફક્ત પુસ્તકિયા કે ચોપાનીયાઓથી કઇક આગળનું વિચારીને બાળકમાં સામર્થ્ય અને ખુમારીનું પ્રસ્થાપન થઇ શકે તે દિશામાં હવે વિચારશીલ બનવું પડશે. અને એનાથી આગળની વાત કરૂ તો શિક્ષણનું મૂખ્ય અને અંતિમ લક્ષ તો બાળક એક માનવી તરીકે નિર્માણ પામે તેનું છે. તેનાં શારીરિક , બૌધ્ધિક અને નૈતિક એકિકરણ થકી સંપૂર્ણ માનવ નિર્માણ એ શિક્ષણનું પાયાનું ધ્યેય છે. જેની અવહેલના ન જ કરી શકાય. જો આપણે એને માનવ બનાવવા માટેનાં પ્રયત્નો કરીશું તો તે તેનાથી કંઇક આગળનું વિચારીને સંસ્કારો અને સદ્‌વિચારો ધ્વારા મહામાનવ બનવાં સુધીનો સફળ તય કરશે.

અને આ પ્રવર્તમાન દૂકાળમાં આપણે કશું ન કરીશું તો...પછી...

આગ લગ ગઇ ઘરકો ઘરકે ચિરાગોસે,<br>
કે ઇન્હે સહી જલાનેકી મેહનત ન હૂઇ.

પટેલ મ.સાલેહ મ.હુશેન. - નૂર લિંડીયાતવી...

# ડાયાબિટીસ

અભ્યાસ કરીને આને માટે જવાબદાર કેટલાંક ખાસ પ્રકારનાં પ્રોટીન શોધી કાઢયાં છે જે HLA તરીકે ઓળખાય છે. આ પ્રોટીનને આધારે જ શરીરનું રોગપ્રતિકારક તંત્ર શરીરના પોતીકા કોષો અને પારકા કોષો વચ્ચેનો ભેદ ઓળખી શકે છે. આપણે આગળ જોઇ ગયા કે બાળપણમાં ડાયાબિટીસ કરવામાં રોગપ્રતિકારક તંત્રની પોતીકા કોષોને ઓળખી ન શક્વાની ભૂલ જવાબદાર હોય છે. જે વ્યક્તિમાં અમુક ચોકકસ પ્રકારના HLA પ્રોટીન હોય (દા.ત. HLA DQB1 - 0302/0201)) તે વ્યક્તિમાં રોગ પ્રતિકારક તંત્રની આવી ભૂલ વધુ પ્રમાણમાં થતી હોય છે.

(3) **વાઇરસનો ચેપ :** એક સરખો વારસો કે એક સરખા HLA પ્રકાર હોવા છતાં કેમ એકને ડાયાબિટીસ થાય છે અને બીજાને નથી થતો? આ સવાલનો હલ શોધતાં શોધતાં વૈજ્ઞાનિકોને જાણવા મળ્યું કે અમુક પ્રકારના વાઇરસનો ચેપ ફેલાયા પછી બાળપણનાં ડાયાબિટીસના દર્દીઓમાં અચાનક વધારો થાય છે. સ્વીડનના એક અભ્યાસ પ્રમાણે ગાલપચોળાના વાવર પછી અને બ્રીટનના એક અભ્યાસ પ્રમાણે કોકસેકી વાઇરસનો ચેપ ફેલાયા પછી ડાયાબિટીસના કિસ્સા વધે છે.

અત્યારના સિધ્ધાંત મુજબ વાઇરસનો ચેપ લાગવાથી કાં તો સ્વાદુપિંડના બીટા કોષોમાં અથવા રોગપ્રતિકારક તંત્રના કોષોમાં અમુક ફેરફારો થાય છે જેને કારણે રોગપ્રતિકારક તંત્ર સીધા બીટા કોષો પર જ હુમલો કરી એનો નાશ કરે છે જેને પરિણામે, ઇન્સ્યુલિનનું ઉત્પાદન ઘટી જાય છે અને ડાયાબિટીસ થાય છે. આ સિવાય અન્ય કોઇ બાહ્ય પરિબળ (દવા, ખોરાક વગેરે) પણ ડાયાબિટીસની શરૂઆત કરવા માટે જવાબદાર હોઇ શકે જે અંગે સંશોધનો ચાલુ જ છે. આટલી બધી શોધ થવા છતાં અમુક વ્યક્તિને ડાયાબિટીસ થશે કે નહી એ ચોકકસપણે કહી શકાતું નથી. આ અંગેની માત્ર આંકડાકીય સંભાવનાઓ જ જાણી શકાય છે.

**અત્યારના સિધ્ધાંત મુજબ વારસામાં અમુક જનિન-પકૃતિ મેળવનાર બાળકને**
**વાઇરસનો ચેપ લાગવાથી રોગપ્રતિકારક તંત્ર ભૂલથી**
**વાઇરસને બદલે ઇન્સ્યુલિનનું ઉત્પાદન કરનાર કોષો પર જ હુમલો કરી**
**એનો નાશ કરે છે જેને પરિણામે,**
**ઇન્સ્યુલિનનું ઉત્પાદન ઘટી જાય છે અને ડાયાબિટીસ થાય છે.**


## પુખ્તવયે (ટાઇપ-૨) ડાયાબિટીસ થવાનું કારણ શું?

બહુ સામાન્ય રીતે જોવા મળતો પુખ્તવયનો ડાયાબિટીસ (જે ટાઇપ-૨ ડાયાબિટીસ તરીકે ઓળખાય છે) શા કારણે થાય છે એ હજી સુધી ચોકકસપણે જાણી શકાયુ નથી. સંભવિત કારણોની ચર્ચા નીચે કરી છે.

(૧) **વારસાગત :** આ ડાયાબિટીસ એક જ કુટુંબના ઘણા સભ્યોમાં જોવા મળે છે પરંતુ એનો વારસો કોને મળશે અને કોને નહિ એ હજી સુધી ચોકકસપણે જાણી શકાયું નથી. યુવાન વયે ટાઇપ-૨ ડાયાબિટીસ થાય તો એ MODY (Maturity Onset Diabetes of Young) તરીકે ઓળખાય છે. આ પ્રકારના ડાયાબિટીસ ચોકકસપણે વંશપરંપરાગત જોવા મળે છે. ત્રણ પેઢીઓ સુધી આ રોગ સીધો ઉતરી આવેલ જોવા મળે છે. બે સમાન જોડિયા બાળકમાં જો એકને ટાઇપ-૨ ડાયાબિટીસ થાય તો બીજાને સો ટકા એ થાય જ! ડાયાબિટીસના દર્દીના ભાઇબહેનોમાંથી ચાળીસ ટકાને અને બાળકોમાંથી તેત્રીસ ટકાને ડાયાબિટીસ થાય જ છે. માનવકોષમાં રહેલ ક્રોમોઝોમ્સ (રંગસૂત્ર) ની ૧૧મી જોડમાં ખામી હોય તો ડાયાબિટીસ થાય છે.




(૨) **ઉંમર :** ટાઇપ-૨ ડાયાબિટીસ ચાળીસ વર્ષથી મોટી ઉંમરના લોકોમાં વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. ઉંમર વધવાની સાથે મોટાભાગની વ્યક્તિઓમાં ગ્લુકોઝનું નિયંત્રણ ઘટતુ જાય છે. ઉંમરના દર દાયકાએ ભૂખ્યા પેટે માપવામાં આવતા લોહીના ગ્લુકોઝમાં ૧-૨ મિ.ગ્રા./ડે.લી. જેટલો વધારો થાય છે અને જમ્યા પછીના લોહીમાં આ વધારો હજી મોટો હોય છે. *ઉંમરની સાથોસાથ ઇન્સ્યુલિનની કામગીરીમાં અવરોધ (રેઝીસ્ટંટ) વધતો જાય છે.* એટલે જેટલા ઇન્સ્યુલિનથી પહેલાં લોહીનો ગ્લુકોઝ નિયંત્રણમાં રહેતો હતો એટલું ઇંસ્યુલીન ઉંમર વધતાં ઓછું પડે છે. આવું થવા પાછળ નીચે જણાવેલ ઘણાં પરિબળો કામ કરતા હોય છે:



(૧) ઉંમરની સાથે શરીરમાં થતો ચરબીનો ભરાવો અને સ્નાયુઓનો ઘટાડો.

(ક્રમશ)

# હાઇબ્લડપ્રેશર

કાંડા ઊપર પહેરવાનાં સાધનોની ચોક્સાઇ પણ ખૂબ શંકાસ્પદ છે. સામાન્ય રીતે જે ભાગમાં એક જ હાડકું હોય એવા બાવડા કે સાથળના ભાગે માપેલું બ્લડપ્રેશર વધુ ચોક્ક્સ આવે છે. જ્યારે બે હાડકા હોય એવા કાંડા કે નળાના ભાગે માપેલું બ્લડપ્રેશર, હોય એના કરતાં ઓછું આવે છે.

આમ, આ બધી નવી રીત અને સાધનો હોવા છતાં પારા (મર્ક્યૂરિ) વાળું સાધન હજી સુધી શ્રેષ્ઠ ગણાય છે.

**ચોવીસે કલાક હરતાં ફરતાં બી.પી. માપતું સાધનઃ** તાજેતરમાં ૨૪ કલાક બાવડા પર લગાવી રાખવાનું ઇલેક્ટ્રોનિક સાધન નીકળ્યું છે જે દર ૧૫ કે ૩૦ મિનિટે બ્લડપ્રેશર નોંધે છે અને કોમ્પ્યુટરની મદદથી ૨૪ કલાકના બ્લડપ્રેશરનો રિપોર્ટ આવે છે. આ સાધનથી માપેલ બ્લડપ્રેશર પણ ક્લિનિકમાં માપેલ બ્લડપ્રેશર કરતાં ઓછું આવે છે. કેટલાક હોસ્પિટલમાં દાખલ દર્દીમાં આ સાધન લગાવી રાખવાથી જાણવા મળ્યું કે, અમુક દર્દીઓમાં આખા દિવસમાં જ્યારે ડોકટર પાસે બ્લડપ્રેશર મપાવા આવે ત્યારે જ બ્લડપ્રેશર વધી જાય! આ પ્રકારના હાઇબ્લડપ્રેશરને વ્હાઇટ કોટ (સફેદ ડગલાનું) હાઇબ્લડપ્રેશર કહેવાય છે. જે દર્દીઓમાં (૧) અચાનક બ્લડપ્રેશરમાં મોટી વધઘટ થતી હોય; (૨) બ્લડપ્રેશર ઘટી જવાનાં ચિહ્નો-ચક્કર; અંધારાં વગેરે આવતાં હોય; (૩) પૂરતી દવાઓ લેવા છતાં બ્લડપ્રેશર કાબૂમાં જ ન આવતું હોય અને (૪) માત્ર દવાખાનામાં હરતા ફરતા ડૉકટરની હાજરીમાં જ વધુ બ્લડપ્રેશર આવતું હોય તેમને ચોવીસે કલાક બ્લડપ્રેશર માપતા એમ્બ્યુલેટરી બ્લડપ્રેશર સાધનની મદદ લેવી પડે છે.

## બ્લડપ્રેશર મપાવતી વખતે દર્દીએ શું ધ્યાન રાખવું?

(૧) બ્લડપ્રેશર મપાવતી વખતે કે એના પહેલાં મનમાં કોઇ જાતની ચિંતા કે ઉદ્વેગ ન હોવાં જોઇએ. સંપૂર્ણ માનસિક અને શારીરિક આરામની સ્થિતિમાં જ સાચું બ્લડપ્રેશર માપી શકાય છે. ચિંતા કે ટેન્શનની સ્થિતિમાં મપાવેલ બ્લડપ્રેશર તમારી પર ખોટેખોટું હાઇબ્લડપ્રેશરના દર્દીનું લેબલ લગાવી દેશે એટલા માટે જ બહારથી ડૉક્ટરના ક્લિનિકમાં આવીને તરત જ બ્લડપ્રેશર મપાવવાની ઉતાવળ ન કરો. ઓછામાં ઓછી પાંચ-દશ મિનિટ સુધી શાંત ચિત્તે, આંખો બંધ કરીને બેસો કે આરામ કરો અને એ પછી જ બ્લડપ્રેશર મપાવો.

(૨) જે હાથ પર બ્લડપ્રેશર મપાવવાનું હોય તે હાથ પર ટાઇટ કપડાં ન પહેરો. ખૂબ ટાઇટ કપડાં પર બ્લડપ્રેશરનું સાધન બાંધીને માપવામાં આવેલ પ્રેશર હોય એના કરતાં પણ ઓછું બતાવે છે.

કાંડા ઊપર પહેરવાનાં સાધનોની ચોક્સાઇ પણ ખૂબ શંકાસ્પદ છે. સામાન્ય રીતે જે ભાગમાં એક જ હાડકું હોય એવા બાવડા કે સાથળના ભાગે માપેલું બ્લડપ્રેશર વધુ ચોક્ક્સ આવે છે. જ્યારે બે હાડકા હોય એવા કાંડા કે નળાના ભાગે માપેલું બ્લડપ્રેશર, હોય એના કરતાં ઓછું આવે છે.

આમ, આ બધી નવી રીત અને સાધનો હોવા છતાં પારા (મર્ક્યૂરિ) વાળું સાધન હજી સુધી શ્રેષ્ઠ ગણાય છે.

**ચોવીસે કલાક હરતાં ફરતાં બી.પી. માપતું સાધનઃ** તાજેતરમાં ૨૪ કલાક બાવડા પર લગાવી રાખવાનું ઇલેક્ટ્રોનિક સાધન નીકળ્યું છે જે દર ૧૫ કે ૩૦ મિનિટે બ્લડપ્રેશર નોંધે છે અને કોમ્પ્યુટરની મદદથી ૨૪ કલાકના બ્લડપ્રેશરનો રિપોર્ટ આવે છે. આ સાધનથી માપેલ બ્લડપ્રેશર પણ ક્લિનિકમાં માપેલ બ્લડપ્રેશર કરતાં ઓછું આવે છે. કેટલાક હોસ્પિટલમાં દાખલ દર્દીમાં આ સાધન લગાવી રાખવાથી જાણવા મળ્યું કે, અમુક દર્દીઓમાં આખા દિવસમાં જ્યારે ડોકટર પાસે બ્લડપ્રેશર મપાવા આવે ત્યારે જ બ્લડપ્રેશર વધી જાય! આ પ્રકારના હાઇબ્લડપ્રેશરને વ્હાઇટ કોટ (સફેદ ડગલાનું) હાઇબ્લડપ્રેશર કહેવાય છે. જે દર્દીઓમાં (૧) અચાનક બ્લડપ્રેશરમાં મોટી વધઘટ થતી હોય; (૨) બ્લડપ્રેશર ઘટી જવાનાં ચિહ્નો-ચક્કર; અંધારાં વગેરે આવતાં હોય; (૩) પૂરતી દવાઓ લેવા છતાં બ્લડપ્રેશર કાબૂમાં જ ન આવતું હોય અને (૪) માત્ર દવાખાનામાં હરતા ફરતા ડૉકટરની હાજરીમાં જ વધુ બ્લડપ્રેશર આવતું હોય તેમને ચોવીસે કલાક બ્લડપ્રેશર માપતા એમ્બ્યુલેટરી બ્લડપ્રેશર સાધનની મદદ લેવી પડે છે.

## બ્લડપ્રેશર મપાવતી વખતે દર્દીએ શું ધ્યાન રાખવું?

(૧) બ્લડપ્રેશર મપાવતી વખતે કે એના પહેલાં મનમાં કોઇ જાતની ચિંતા કે ઉદ્વેગ ન હોવાં જોઇએ. સંપૂર્ણ માનસિક અને શારીરિક આરામની સ્થિતિમાં જ સાચું બ્લડપ્રેશર માપી શકાય છે. ચિંતા કે ટેન્શનની સ્થિતિમાં મપાવેલ બ્લડપ્રેશર તમારી પર ખોટેખોટું હાઇબ્લડપ્રેશરના દર્દીનું લેબલ લગાવી દેશે એટલા માટે જ બહારથી ડૉક્ટરના ક્લિનિકમાં આવીને તરત જ બ્લડપ્રેશર મપાવવાની ઉતાવળ ન કરો. ઓછામાં ઓછી પાંચ-દશ મિનિટ સુધી શાંત ચિત્તે, આંખો બંધ કરીને બેસો કે આરામ કરો અને એ પછી જ બ્લડપ્રેશર મપાવો.

(૨) જે હાથ પર બ્લડપ્રેશર મપાવવાનું હોય તે હાથ પર ટાઇટ કપડાં ન પહેરો. ખૂબ ટાઇટ કપડાં પર બ્લડપ્રેશરનું સાધન બાંધીને માપવામાં આવેલ પ્રેશર હોય એના કરતાં પણ ઓછું બતાવે છે.

(ક્રમશ)

# Biggest visa boost for social care as Health and Care Visa scheme expanded

Care workers and carers recruited to the UK will be able to bring their dependents; including partner and children, with the Health and Care visa offering a pathway to settlement should they remain employed and wish to remain in the UK.

The corona virus pandemic has highlighted a range of staff shortages within the social care sector, placing pressures on the existing workforce, despite the incredible and tireless efforts of social care staff.

This boost follows the recommendation from the Migration Advisory Committee (MAC) to make care workers and home carers eligible for the Health and Care visa and add the occupation to the Shortage Occupation List (SOL).

Inclusion on the Shortage Occupation List will stipulate an annual salary minimum of £20,480 for carers to qualify for the Health and Care visa. The UK is committed to becoming a high-skilled, high-wage economy and minimum salaries must reflect the professional skills that are required to provide quality care. The Health and Care visa will allow applicants and their dependents to benefit from fast-track processing, dedicated resources in processing applications and reduced visa fees.

The temporary measures are expected to come into effect early next year and will be in place for a minimum of 12 months, providing a much-needed staffing boost while the sector deals with the additional pressures of the pandemic, at which point they will be reviewed.

Care workers, care assistants and home care workers will become eligible for Health and Care Visa for 12 month period.

Care providers who do not already hold a sponsor license in the Skilled Worker route can take advantage of the offer by registering for a sponsorship license ahead of implementation.

Providers who are new to visa sponsorship will be supported through the process through a series of engagement activities in January and February, to introduce them to the system and find out how to act as a visa sponsor.

See the following link for more details.

https://www.gov.uk/health-care-worker-visa

And also see my Linkedin post for available jobs.

https://www.linkedin.com/posts/esosa-aihie-a6162a17_jobs-jobopportunities-carers-activity-6884622381738954752-wBdz ■

# દેશ - વિદેશના સમાચાર

## આલુંજ

**શાદી મંગણી:-** સોહાના સીરાજ જોગીયાતની શાદી ભાદી મુકામે તોસીફ ઉસ્માન વડીયા સાથે, શહેજાદ શબ્બીરઅહમદ નોરાતની મંગણી કોંઢ મુકામે સાયમાબાનું અલીભાઇ પટેલ સાથે, શાકીર ઇલ્યાસ ટોપીયાની મંગણી સુરત મુકામે આફરીન રફીકખાન સાથે તથા સુરૈયા ઇમ્તિયાઝ બૈયાંતની મંગણી કરંજ મુકામે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** આયશા મહમદ મુસા જોગીયાત તથા યુસુફ ઇસ્માઇલ ટોપીયાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** તોસીફ કાસમ ટોપીયા એમની અહેલીયા સાથે પેરીસથી,રશીદા ઇસ્માઇલ ટોપીયા પેરીસની શુભેચ્છા મુલાકાત લઇ વતન પરત,સાદીક યાકુબ ટોપીયા એમની અહેલીયા સાથે અમેરીકાથી તથા ફારૂક હાસીમ જોગીયાત દુબઇથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** શબીહા સીરાજ નોરાત ઝામ્બીયાની શુભેચ્છા મુલાકાતે તથા શબ્બીર યાકુબ ટોપીયા એમની અહેલીયા સલમાબહેન સાથે વતનની મુલાકાત લઇ યુ.કે.પરત ગયા છે.

## કાપોદરા

**પરદેશથી આગમન:-** મહમદ યુસુફ પટેલ યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન:-** યુસુફભાઇ પટેલ ( પઠાન), આસીફભાઇ પાંડોર તથા આયશાબહેન ઇકબાલ


***ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ)***
***રૂલ્સ ૧૯૬૬ અન્વયે***
***વહોરા સમાચાર માસિક અંગેની માહિતી***
***ફોર્મ નં.૪ (રૂલ નં.૮)***

***૧.પ્રકાશન સ્થળ:-*** **વહોરા સમાચાર ઓફિસ,** સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત-૩

***૨.પ્રકાશનનું અંતર:-*** માસિક દર અંગ્રેજી મહિનાની ૩જી તારીખે પ્રગટ થાય છે.

***૩.મુદ્રક:-*** નટરાજ પ્રિન્ટર્સ, **રાષ્ટ્રીયતા:** ભારતીય **સરનામું:-** ઇન્દરપુરા આંબાવાડી,બદરમીયાં સ્ટ્રીટ, સુરત. ફોન નં:- ૨૪૨૮૯૪૧

***૪.પ્રકાશક અને તંત્રી:-*** ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી ટ્રસ્ટ, સુફીબાગ, રેલ્વે સ્ટેશન સામે, સુરત-૩

હું અહમદ ઇ.મંગેરા (મસ્ત મંગેરા) આથી જાહેર કરૂં છું કે ઉપરોકત વિગત મારી માન્યતા તથા માહિતી મુજબ ખરી છે.

**પ્રકાશક:** અહમદ ઇ.મંગેરા (મસ્ત મંગેરા)

**તા.:- ૩-૨-૨૦૨૨**



*મસ્જીદ તથા મદ્રેસાઓ માટે ખુશ ખબર*

અનેક જાતની વેરાઇટીઝ,
લેટેસ્ટ ડિઝાઇન, વિવિધ કલર સાથે

તૂર્કી,સઉદી વિગેરે દેશોની ઇમ્પોર્ટેડ સફો,ગાલીચા, વુલન,મખમલ, કોટન તેમજ એક્રેલીક અને પી.વી.સી.ની સફો તેમજ ચટાઇઓ, બાળકોને બેસવાના પાથરણા, આસન,કારપેટ વ્યાજબી ભાવે હાજર સ્ટોકમાં મળશે.

**નોંધ:** આપની એકવારની મુલાકાત આપને સંતોષ આપનાર પુરવાર થશે.

*-:: શો રૂમનું સરનામું ::-*

**આગ્રા કારપેટ્સ એમ્પોરીયમ**

૩,આદર્શ માર્કેટ, મેઇન રોડ,
બાટા શુઝની સામે,ભરૂચ
ફોન નંબર (૦૨૬૪૨) ૨૬૮૦૭૪
મોબાઇલ: ૯૩૭૬૧૭૭૭૨૯,૭૯૮૪૧૬૮૫૭૭

(શોર્ટી) વતનની મુલાકાત લઇ ઝામ્બીયા પરત ગયા છે.

## રાંદેર

**શાદી મંગણી :-** યાહયા ઐયુબ કાકાની શાદી આઇશા ઇબ્રાહીમ ભામ સાથે, ઉઝેર ગુલામમોહંમદ વહોરાની શાદી બુશરા મોહંમદ હાફેજી સાથે, ઇસ્માઇલ મોહંમદ હાંસ્યાની શાદી બિલ્કીસ સીદ્દીક પટેલ સાથે તથા ઉમેર કાસીમ મુસાજીની શાદી હાજરાબીબી યુસુફ કાલુ સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** આઝમ ઇસ્માઇલ માકડા, ખદીજાબીબી (છોટનબુ)-ઇબ્રાહીમ હાસીમ મીચલાની છોકરી તે મોહંમદ મીચલા (ગોરા મીચલા) ની ઔરતનો, ઐયુબ ઇસ્માઇલ બદાત તથા હફસાબીબી-કાસમ કાકાની છોકરીનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન :-** યાહયાભાઇ ગોરા અમેરીકાથી આવ્યા છે.

**અન્ય :-** રાંદેર મસ્જીદ કુવ્વતે ઇસ્લામના સને ૨૦૨૧ - ૨૨ ના ટ્રસ્ટીઓ.જ. અહમદ ઇબ્રાહીમ મોદન સા. - મેનેજીંગ ટ્રસ્ટી,જ. મોહંમદ ઇબ્રાહીમ મુરાદ સા. તથા જ.અમર અનીસ હાટીયા સા.- ટ્રસ્ટી

## સુરત

**શાદી મંગણી :-** તનવીરા મોહંમદ દાવુદ પારેખ (ગોરા પારખ) ની શાદી અહમદગોરા મોહંમદ વરીયાવા સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** નુરઅહમદ મોહંમદ માંકડ, મકબુલ અહમદ મોહંમદ હુશેન પાડયા,જુબેદાબહેન હાસીમ રંદેરા તથા રૂકૈયાબીબી ઇસ્માઇલ અમલાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન :-** ફારૂકભાઇ બાગીયા એમની અહેલીયા ઝુલેખાબહેન તથા ફરજંદ અહમદ સાથે કેનેડાથી વતનની મુલાકાતે આવ્યા છે.

## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**ગમન :-** સલીમભાઇ લુણત (ગુલ) વતનની મુલાકાત માટે આલીપોર - ઇન્ડિયા ગયા છે. આલીપોરવાળા અબ્દુલહય અહમદ દાજી તથા મીંયાભાઇ સાલેહ પટેલ ઉમરાહ કરવા ગયા છે.

**આગમન :-** શફીયા અબ્બાસ ફડીયા ડાભેલવાલા કતારથી આવ્યા છે.

**અન્ય :-** ઇસ્લામીક કલ્ચરલ એન્ડ વેલ્ફેર એસોસીએશન ની ૩૭ મી જનરલ મિટીંગ હેનરી સ્ટ્રીટ ની મસ્જીદમાં થઇ છે.

### સાચા દયાળુ કોણ ?

મુહમ્મદ પયગમ્બર (સલ.) એ ફરમાવ્યું.

**'જયાં સુધી તમે દયા ન કરો તમારૂં ઇમાન ખરૂં થઇ શકતું નથી'**

સહાબાએ અરજ કરી, 'યા રસુલલ્લાહ ! અમે સર્વે દયાળુ છીએ'

તો આપે ફરમાવ્યું, 'એ દયા નતી કે તમે કોઇ એકની સાથે સારી વર્તણુક આદરો અથવા દયા કરો, બલ્કે તમારી દયા તમામ ઉપર હોવી જોઇએ'

( હદીસ : તિબરાની)


સરનામું બદલાયું છે.
હવે અમારી નવી દુકાનમાં અવશ્ય પધારો.
(દુકાન) : 0261-2452155
મો. ઉમર : 98794 56530
E-mail : libas1978@gmail.com
કફની - પાયજામા, પઠાણી સૂટ,
અરબી ઝબ્બાની "ઈન્ડીયન તેમજ ઈમ્પોર્ટિડ"
કાપડની વિશાળ રેન્જ મળશે.
હજ માટે એહરામનું કાપડ, ટુવાલ
અને બેલ્ટ મળશે.
અમારી એક વખતની મુલાકાત ઈન્શાઅલ્લાહ
આપને લાભદાયી થશે.
સ્થાપના : ૧૯૭૮
લિબાસ
૧૨/૫૩૬, બડી મસ્જીદ (મરકઝ) ની સામે, રાણીતલાવ મેઈન રોડ, સુરત-૩. (ગુજરાત-ઈન્ડિયા)

## વરીયાવ

**શાદી મંગણી:-** હાફેજ ઇસ્માઇલ બાવાભાઇ દાવજીના નવાસા હમઝા મકસુદ ફેન્સી (મોટાવરાછ) ની શાદી હથુરણ મુકામે સામીયા ઇસ્માઇલ કોલીયા સાથે તથા તલ્હા સોયબ બોરડીવાલાની શાદી રાંદેર મુકામે નાફીયા અલ્તાફ હાટીયા સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** મુંબઇ ખાતે સોહેલ અનવર પટેલને ત્યાં છોકરાનો જન્મ નામ તલ્હા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ખતીજા સુલેમાન પટેલનો યુ.કે. ખાતે તથા હવાબીબી (હલ્લુ મા) મોહંમદ મમુનનો ગામ ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** જાનીભાઇ ભામ ફેમિલી સાથે, મુસા ઇબ્રાહીમ હાસમભાઇના અહેલીયા મરીયમબહેન, પરવેઝ ઇબ્રાહીમ (લાલુ) માયત યુ.કે.થી, ઇબ્રાહીમ (ઇભુ) ઐયુબ કડવા ફેમિલી સાથે અમેરીકાથી,અહમદ (મુન્ના) મોહંમદ ભાઇમીઆં ની છોકરી નાહિદ અલ્તાફ યુ.કે.ની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** સલમાન અહમદ (મુન્ના) ભાઇમીઆં ફેમિલી સાથે યુ.કે. ગયા છે.

## ઉમરવાડા

**શાદી મંગણી:-** ફરહીન રશીદ મુલ્લાની શાદી પાનોલી મુકામે નદીમ ગંગાત સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ) :-** અહમદ હનીફ મુલ્લાંને તયાં છોકરાનો જન્મ થયો છે.

## આંકડોદ

**શાદી મંગણી:-** ઇમરાન સઇદ કાઝીની શાદી કોસાડી મુકામે થઇ છે.

**અન્ય:-** ગામના પાદર ઉપર ૭૩ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે ગામના સરપંચ અને પંચાયતના કમિટી સભ્ય ફરજાનાબેન કાઝી ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામ પંચાયતના નવા ચુટાયેલા સભ્યો, ડેપ્યુટી સરપંચ ઇબ્રાહીમભાઇ કાઝીનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું.બંને સ્કુલો વેલ્ફેર પ્રાથમિક શાળા અને સરકારી પ્રાથમિક શાળાના ધો.૧ થી ૮

### સોસાયટીમાંથી સ્કોલરશીપ મેળવતા વિદ્યાર્થીઓ જોગ

**આપણી સોસાયટીમાંથી ચાલુ વર્ષ (૨૦૨૧-૨૦૨૨) માં સ્કોલરશીપ મેળવવા માટે જે વિદ્યાર્થીઓએ ધો.૧ થી લઇ કોલેજ સુધી ફોર્મ ભરેલા છે. અને હજુ સુધી સ્કોલરશીપ મેળવી નથી તેવા સ્કુલ / કોલેજના જે તે ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અસલ બોનોફાઇડ,રીઝલ્ટ ન મોકલ્યા હોય તો રીઝલ્ટની ઝેરોક્ષકોપી, ફી ભરેલ રસીદની અસલ તેમજ ઝેરોક્ષકોપી સોસાયટીની ઓફીસે મોકલી આપવા વિનંતી છે કે જેથી આપની સ્કોલરશીપ આપી શકાય. ચાલુ વર્ષની સ્કોલરશીપ ૩૦ માર્ચ સુધી જ આપવામાં આવશે. જે દરેક સ્કોલરોની જાણ માટે.**

### ઇન્તેકાલે પુરમલાલ

● આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **જનાબ ઇકબાલ સુલેમાન ગોરી સા.** ના વાલીદ **જનાબ સુલેમાન મુહમ્મદ ગોરી સા.** નો **તા. ૧૨-૦૧-૨૦૨૨** ના બુધવારના રોજ **ન.કરારવેલ** મુકામે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

અલ્લાહપાક મર્હુમની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન

માં ૧ થી ૩ નંબરે પાસ થયેલા વિદ્યાર્થીઓને દર વર્ષની જેમ ઇનામો મહાનુભાવોના હસ્તે આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે દેશ-પરદેશથી પધારેલા મહેમાનોએ ગામની સ્કુલના વિદ્યાર્થીઓના ઇનામો માટે સારી એવી રકમ દાન કરી હતી. આ ઇનામો છેલ્લા ૨૨ વર્ષથી આપવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઝીયાઉદ્દીન કાઝી સા. એ કર્યુ હતું. આભારવિધી શાળા ના શિક્ષકે કરી હતી.

## કઠોરમાં સમુહ લગ્ન

કઠોર મુસ્લિમ કોમ્યુનીટી ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા આયોજીત ડૉ.મુસાજી ડી.એમ.લોખાત ફેમિલી ચેરીટેબલ ટ્રસ્ટ,ધી મુસ્લિમ સોસાયટી ઓફ યુ.કે., ધી સુરતી ગરાસીયા મુસ્લિમ એજયુકેશન સોસાયટી ખોલવડ, ઇન્ડિયન મુસ્લિમ રીલીફ ચેરીટી અંજુમને તાલીમુલ મુસ્લિમીન મલેકપોર,ઇન્સાફ ફાઉન્ડેશન સુરત અને દેશ-વિદેશના સખીદાતાઓના સહયોગથી ગ્રામજનો અને દાતાઓની હાજરીમાં તા.૧૬-૦૧-૨૦૨૨ ના રવિવારના રોજ કઠોર એમ.એ.આઇ. શૈક્ષણિક સંકુલના ગ્રાઉન્ડ ઉપર કોવિડ - ૧૯ ની સંપૂર્ણ ગાઇડ લાઇનનું પાલન કરી પરદેશથી પધારેલા મહેમાનો તેમજ છોકરા-છોકરીઓના સ્વજનોની હાજરીમાં કુલ ૪૪ દિકરા- દિકરીઓના સમુહ નિકાહ થયા છે. પ્રત્યેક જોડાને સંસ્થા તરફથી કબાટ,પલંગ,ફ્રીઝ તેમજ ઘરવખરીની જરૂરી વસ્તુઓ સંસ્થા તરફથી ભેટ આપવામાં આવી હતી. જેની એક સેટની અંદાજીત કિંમત રૂપિયા ત્રીસ હજાર થાય છે.





## You Can Make Your Donation To The Following Bank Account

**DONORS FROM ABROAD**

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**
**STATE BANK OF INDIA**

**ACCOUNT NO : (FCRA - SAVINGS BANK A/C.) 40159386675**
**BRANCH CODE : 00691**
**IFS CODE : SBIN0000691**
**BANK SWIFT CODE : SBININBB104**
**BANK ADDRESS : FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch -11, Sansad Marg, New Delhi-110001 (INDIA).**

**FOR DONORS FROM INDIA**

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**
**UNION BANK OF INDIA**

**ACCOUNT NO : (CURRENT ACCOUNT) 311301010030025 IFS CODE : UBIN0531138**
**BANK ADDRESS : Unapani Road, Station Road Branch, Surat-3**

આપ સૌના સાથ,સહકાર, વિશ્વાસ અને સ્નેહનાં સથવારે
સફળતા પૂર્વક ૧૪ વર્ષથી માછલીપીઠ, લાલગેટ, સુરત ખાતે કાર્યરત



# ડૉ.(મીસીસ) બીજલ બી. લશ્કરી

બી.ડી.એસ.,એમ.ડી.એસ. (અમદાવાદ) કન્સલ્ટન્ટ ડેન્ટલ સર્જન

## શીફા મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ કલીનીક

**સહર્ષ આપની સેવામાં હવેથી નવા નામ, નવા સરનામે નવા રંગરૂપ સાથે પ્રસ્તુત કરે છે.**

EXCELLENCE IN DENTISTRY

# WORLD OF SMILES Oral & Dental Care Centre

**૧૧/૧૧૭૧, દરિયામહેલ લેન,જીલ્લા પંચાયતની સામે,નાણાવટ ચાર રસ્તા, મુગલીસરા, સુરત - ૩૯૫૦૦૩, સંપર્ક :- Cell : 63520 07253, 92281 32541**

**નવા દવાખાનાની વિશેષતાઓ :** ● નાણાવટ ચાર રસ્તા, દરિયામહેલ જેવા શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત (જુના દવાખાનાથી માત્ર ૮૦૦ મીટરના અંતરે) ● સંપૂર્ણ A.C.કિલનીક ● લિફટની સગવડ ● દાંત સારવાર માટેના તમામ શ્રેષ્ઠ સાધનો સગવડોથી સજજ ● બાળકોની દાંતની તમામ સારવાર માટે અલગ કેબીન/ સાધનો ચેર-યુનિટ,સુંદર લાઇટીંગ, મજાનાં રમકડાં, રંગબેરંગી દિવાલો, ગેમ્સ વગેરેના કારણે બાળકોની દાંતની તમામ સારવાર તેમજ માતા પિતા માટે પણ સુખદ અનુભવ ● પાર્કિંગ માટે પુરતી જગ્યા.



**સ્ત્રીઓ માટેની વિશેષતાઓ:**

● કવોલીફાઇડ અને અનુભવી લેડી ડેન્ટીસ્ટ (MDS) અને લેડી આસીસ્ટન્ટ દ્વારા દાંતની તમામ સારવાર.

**કલીનીક નો સમય : સોમવાર થી શનીવાર બપોરે 11.30 થી સાંજે 6.30**

## વર્લ્ડ ઓફ સ્માઇલ્સ ઓરલ એન્ડ ડેન્ટલ કેર સેન્ટરમાં ઉપલબ્ધ સુવિધાઓ

❀ પીડા રહીત રીતે દાંત-દાઢ પાડવો/રહી ગયેલા મૂળ કણી કાઢવી.❀ સડેલા દાંતમાં સિમેન્ટ - ચાંદી પુરવી/લાઇટ કયોર ટ્રીટમેન્ટ (દાંતના રંગનું ફિલીંગ) ❀ સડેલા દાંત બચાવવા માટે દાંતના મૂળની સારવાર રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (R.C.T.) ❀ એક્ષ-રેની સુવિધા ❀ દાંતની સફાઇ (સ્કેલીંગ) ❀ પાયોરીયા તથા પેઢાના અન્ય રોગોની સારવાર ❀ દર્દીઓને ઇન્ટ્રાઓરલ કેમેરા દ્વારા ટી.વી.સ્કીન પર તેમના દાંત તથા મોઢાની તકલીફોનું પ્રત્યક્ષ નિદર્શન ❀ કાઉન તથા બીજ (ખોલી અને ફિકસ ચોકઠુ) ❀ આખું કે આંશિક ચોકઠુ (બત્રીસી) ❀ પીળા દાંત તથા દાંતના ડાઘની સારવાર (પોલીશીંગ,વ્હાઇટનીંગ) ❀ ડહાપણની દાઢની સારવાર ❀ સગર્ભા સ્ત્રીઓમાં થતાં દાંતના પ્રશ્નો,જેવા કે દાંતનો સડો,પેઢા ફુલી જવા,પેઢામાંથી લોહી નીકળવું, મો ની દુર્ગંધ, આવનાર બાળકના દાંતની તન્દુરસ્તી માટે માર્ગદર્શન ❀ બાળકોમાં થતા દાંતના પ્રશ્નો,જેવા કે દૂધિયા દાંત સડવા,ખોટી આદતોથી વાંકાચૂકા દાંત ઉગવા, સડેલા દાંતમાં ચાંદી અને RCT



કોસ્મેટીક



ડેન્ટલ ઇમ્પ્લાન્ટસ્



સ્માઇલ્સ ડીઝાઇનીંગ



ડેન્ટલ વ્હાઇટનીંગ



ઓર્થોડોન્ટીક

**કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રી-સ્માઇલ ડિઝાઇનીંગ** (લેસર બ્લીચીંગ,વિનીયરીંગ, કમ્પોઝીટ ફિલીંગ, ગમ સર્જરી) ❀ પાન,તમાકુ,ગુટખાને લીધે ન ખુલતા મોંની સારવાર ❀ ઠંડા પીણા, આઇસ્કીમ ખાતા દાંતમાં થતી ઝણઝણાટી, દુ:ખાવો વિગેરે સારવાર ❀ માત્ર ૩૦ મિનિટમાં આપના દાંતને મોતી જેવા સુંદર બનાવતી ❀ અત્યાધુનિક સારવાર (ડેન્ટલ બ્લીચીંગ) ❀ ડેન્ટલ ઇમ્પ્લાન્ટ્સ (સ્કુ વડે કાયમી દાંત બેસાડવા) કેબીન/ સાધનો, ચેર યુનિટ ❀ અત્યાધુનિક ક્રાંતિકારી લેસર વડે દાંતની સારવાર ચમત્કારીક પીડારહિત પરિણામો સાથે

જા. X ખ.

## વહોરા સમાચાર ગ્રાહક જોગ

આપણું સામયિક વહોરા સમાચાર પેપર ઘણું ખોટમાં ચાલી રહયું છે એની ખોટ સરભર કરવી ખૂબજ મુશ્કેલ છે.ઘણાં દિલગીર સાથે જણાવવાનું કે આપણા ઘણાં ભાઇઓનું વર્ષોથી લવાજમ આવ્યું નથી. ઉપરાંત સરકારશ્રી તરફથી પોષ્ટલ ચાર્જમાં પણ ખૂબ જ વધારો કરવામાં આવ્યો છે. જેથી આપણા વહોરા સમાચાર પેપરના ગ્રાહકોને જાણ કરવામાં આવે છે કે જે ભાઇનું લવાજમ વર્ષોથી બાકી છે એમને નમ્ર વિનંતી કરીએ છીએ કે આપનું બાકી લવાજમ તાકીદે મોકલી આપી સંસ્થાને મદદરૂપ થઇ આભારી કરશો. આથી વહોરા સમાચારના વાંચકગણને જણાવવામાં આવે છે કે હાલની કારમી મોંઘવારીના કારણે ના છૂટકે વહોરા સમાચારના લવાજમમાં નજીવો વધારો કરવામાં આવ્યો છે. જેમાં આપ સાહેબનો પુરેપુરો સહકાર મળી રહેશે એવી અભિલાષા.

| | |
|---|---|
| **દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૨૦૦** | **પરદેશમાં વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦૦** |
| **દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૩૦૦૦** | **પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૫૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦)** |

**નોંધઃ- આથી સંસ્થાના કમિટી મેમ્બરો તેમજ ગામે-ગામના પ્રતિનિધીઓને વિનંતી કરવામાં આવે છે કે આપના ગામમાં ઘેર-ઘેર વહોરા સમાચાર પેપર આવે અને સોસાયટીની પ્રવૃત્તિઓથી માહીતગાર થાય તે માટે વધુ ને વધુ નવા ગ્રાહકો અથવા લાઇફ મેમ્બરો બનાવી આભારી કરશો. આપના સહકારના અભિલાષી.**

## વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું

**વહોરા સમાચાર, સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**એકાઉન્ટ નંબરઃ- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩**

**IFSC CODE :- BARB0SUFIBA**

**નોંધઃ- લવાજમના પૈસા બેંકમાં નાંખો ત્યારે મોબાઇલ નં. ૯૮૨૪૧ ૮૪૬૫૭ ઉપર જાણ કરશો.**

## વહોરા સમાચાર ગ્રાહક જોગ

(૧) વહોરા સમાચારના અંકો દેશ તથા પરદેશમાં દર માસની ત્રીજી તારીખે એક સાથે પોસ્ટ કરવામાં આવે છે. જેમને અંક ન મળે કાર્યાલયમાં જાણ કરતા સ્ટોકમાં હશે ત્યાં સુધી અંકો રવાના કરવામાં આવશે.પરંતુ દેશમાં અંક ન મળવાનીફરીયાદ જે તે ગામની પોસ્ટ ઓફિસને પણ અવશ્ય કરવા વિનંતી.

(૨) વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે આપેલ મોબાઇલ નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપર સંપર્ક કરવો.

**મો.અસલમ પટેલ - મોબાઇલ નંબર** 098241 84657

- E-mail:-vohrasamachar@yahoo.com, vohrasamachar@gmail.com

## વહોરા સમાચારના જાહેરાતના દરો

| | | |
|---|---|---|
| **આખુ પેજ રૂા. ૨૦૦૦** | **અડધુ પેજ રૂા. ૧૨૦૦** | **પા પેજ રૂા. ૬૦૦** |

**નોંધઃ**- વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિક્કા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

## વહોરા સમાચાર પ્રતિનિધી જોગ

વહોરા સમાચારમાં સમાચાર મોકલનાર પ્રતિનિધી ભાઇઓને નમ્ર વિનંતી કે ગામના કે સંસ્થાના સમાચાર ટુંકા અને મુદ્દાસર લખવા તથા દર માસની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા.

## વહોરા સમાચાર ગ્રાહક જોગ OF CANADA WASI

અલ્લાહપાકના ફઝલો કરમથી આપણું વહોરા સમાચાર સમયસર પ્રસિધ્ધ થાય છે અને તમારા સુધી તથા દુન્યામાં વસ્તા આપણા વહોરા બિરાદરો સુધી પહોંચાડવાની કોશીષ ચાલુ છે. છેલ્લા ઘણા વર્ષોથી તથા **LAST TWO YEARS COVID-19** ના પ્રોબ્લમથી લવાજમ ઘણા ગ્રાહકોનું બાકી પડે છે.

**CANADA** માં વસ્તા મીસીસઆગા, બ્રેમ્પટન, કેમ્બ્રીજ, સ્કારબોરો તથા ટોરન્ટો ના અન્ય વિસ્તારો માંથી આપણા મુખ્લીસ ભાઇઓ અને ગ્રાહકોએ લગભગ **૪ લાખ** જેટલું લવાજમ ભેગુ કરી મોકલ્યું છે. **જઝાકુમુલ્લાહ.** પરંતુ હજુ લગભગ ઘણા ગ્રાહકોનું લવાજમ બાકી પડે છે.

**અમારી આપ સૌને દરખાસ્ત છે કે,**

(૧) આપનું બાકી લવાજમ મોકલી આપી સંસ્થાને મદદરૂપ થઇ આભારી કરશો.

(૨) ગ્રાહકોએ વહોરા સમાચાર પેપર બંધ કરાવવા અથવા સરનામું બદલવાનું હોય તો નીચે આપેલ નામ-નંબર ઉપર જાણ કરવા વિનંતી.

**આના માટે આપણા બિરાદરીના નીચે મુજબના સાથીઓનો સંપર્ક કરશો.**

(1) MR. YUSUFBHAI MOTALA SB. - SCARBOROUGH - 647 402 1949

(2) MR. MOHAMEDBHAI MEHTA SB.- CAMBRIDGE - 416 400 0600

(3) MR. AIYUBBHAI PANCHBHAYA SB.- TORONTO - 416 466 6871

(4) MR. EDREESBHAI BHAIYAT SB. - MALTON - 416 561 9684

(5) MR. SABBIRBHAI A. MEHTA SB. - CAMBRIDGE - 226 606 9784

અલ્લાહપાક **(SWT)** આપ લોકોની કુર્બાનીને કબુલ ફરમાવે. આમીન. **દુઆગો - મસ્ત મંગેરા**

## વહોરા સમાચાર ગ્રાહક જોગ OF U.K.

અલ્લાહપાકના ફઝલો કરમથી આપણું વહોરા સમાચાર સમયસર પ્રસિધ્ધ થાય છે અને તમારા સુધી તથા દુન્યામાં વસ્તા આપણા વહોરા બિરાદરો સુધી પહોંચાડવાના પ્રયત્નો ચાલુ છે. છેલ્લા ઘણા વર્ષોથી તેમજ ખાસ કરીને છેલ્લા ૨ વર્ષથી કોવીડ–૧૯ ના પ્રોબ્લમથી ઘણા ગ્રાહકોનું લવાજમ બાકી પડે છે.

લંડન (યુ.કે.) માંથી આપણા માનદ્ પ્રતિનિધી **જનાબ અહમદભાઇ વાવડા સા.** તથા મિત્રો એ **રૂા.૫૪૪૫૦/–** લવાજમ ઉઘરાવી મોકલ્યું છે. જ. મોહંમદભાઇ પીરભાઇ સા. એ પણ ઘણો સહકાર આપ્યો છે. **જઝાકુમુલ્લાહ.** પરંતુ હજુ લંડન, બાટલી, બર્મીંગહામ, લેસ્ટર, બોલ્ટન, પ્રેસ્ટન,બ્લેકબર્ન, વોલસોલ ના ઘણા ગ્રાહકોનું લવાજમ બાકી પડે છે.

**અમારી આપ સૌને નમ્ર અપીલ છે કે** (૧) આપનું બાકી લવાજમ મોકલી આપી સંસ્થાને મદદરૂપ થઇ આભારી કરશો. (૨) ગ્રાહકોએ વહોરા સમાચાર પેપર બંધ કરાવવા અથવા સરનામું બદલવાનું હોય તો નીચે આપેલ નામ - નંબર ઉપર જાણ કરવા વિનંતી.

**આ માટે નીચે મુજબના સાથીઓનો સંપર્ક કરશો.**

MR. AHMED ISMAIL VAWDA SB. - LONDON
0044 77164 03744

MR. ALI AZAM ESMAIL - LONDON
020 8521 8228

MR. SULEMAN AHMED DADABHOY - LONDON
020 8521 0556

MR. MOHAMED ISMAIL PANDOR SB. - BATLEY
019 2444 4201

MR. AZIZBHAI UNIA SB. - BIRMINGHAM
0044 79438 71904

MR. YUSUFBHAI MEMAN SB. - LEICESTER
0044 78088 76169

MR. ANISHBHAI ATCHHA SB. - BOLTON
012 0452 3088

MR. ALLI YUSUF TILLY SB. - PRESTON
0044 78865 51696

MR. SALIMBHAI PATEL SB. - WALSALL
0044 78755 38994

MR. IMRANBHAI BADAT SB. - BLACKBURN
0044 79443 28490

અલ્લાહપાક **(SWT)** આપ લોકોની કુર્બાનીને કબુલ ફરમાવે. આમીન. **દુઆગો - મસ્ત મંગેરા**

Phone No.0091-261-2420097/2424458
FEBRUARY -2022
VOHRA SAMACHAR VALID UPTO 31-12-2023.
Licence No.040 inland 081 For Foreign
PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT
RNI No.9372/57"Registerd No.SRT-004/2021 -2023"
2000 Copies Posted at SR RMS at 3rd of Every month
on date of posting 03 - 02 - 2022

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**
દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૨૦૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂા.૧૦૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.૩૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૫૦૦૦ (એર ચાર્જ રૂા. ૭૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂા.૨૦.૦૦

# ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતની વાર્ષિક જનરલ મિટીંગ

ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતની **૭૪ મી** વાર્ષિક જનરલ મિટીંગ **તા.૧૩/૦૨/૨૦૨૨** ના **રવિવારના** રોજ **સવારે ૧૦.૩૦ કલાકે ડૉ. જી.આઇ.મોતાલા ટેકનીકલ કેમ્પસ (એ.વાય.દાદાભાઇ ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ) કોસંબા, તા. માંગરોલ, જી. સુરત** મુકામે રાખવામાં આવી છે.

આ મિટીંગમાં સોસાયટીના પેટ્રન, વા.પેટ્રન, લાઇફ મેમ્બર, ગામેગામના પ્રતિનિધીઓ અને કો.ઓપ્ટ સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

## એજન્ડા

**કાર્ય: ૧** ૭૩ મી વાર્ષિક જનરલ મિટીંગની મીનીટ્સ જે વહોરા સમાચારના **માર્ચ-૨૦૨૧** ના અંકમાં પ્રગટ કરવામાં આવી છે તેને બહાલી આપવા બાબત.

**કાર્ય: ૨** **સને ૨૦૨૦ - ૨૦૨૧** નો સોસાયટીનો વાર્ષિક અહેવાલ વાંચનમા લઇ મંજૂરી આપવા બાબત.

**કાર્ય: ૩** **સને ૨૦૨૦ - ૨૦૨૧** નો ઓડીટ થયેલા હિસાબ અને રીપોર્ટ જે સર્વે સભ્યો સાહેબોને મોકલવામાં આવ્યો છે તેને મંજૂર કરવા બાબત.

**કાર્ય: ૪** બોર્ડ ઓફ કાઉન્સિલે મંજૂર કરેલ **૨૦૨૨-૨૦૨૩** ના વર્ષ માટેના અંદાજી બજેટને મંજુરી આપવા બાબત.

**કાર્ય: ૫** એ સિવાય બંધારણની કલમ ૧૮-૨ અનુસાર આવ્યા હોય તે.

## બંધારણ કલમ : ૧૮-૨

વાર્ષિક જનરલ મિટીંગમાં બીજી કોઇ પણ બાબત ઓન. જોઇન્ટ સેક્રેટરીને ઓછામાં ઓછા ૮ દિવસ પહેલા લેખિત ખબર આપી ન હોય તે રજૂ કરવા દેવામાં આવશે નહીં સિવાય કે પ્રમુખ સાહેબની પરવાનગી મેળવી હોય.

સોસાયટીના દરેક મેમ્બરને સોસાયટીની કાર્યવાહી, હિસાબ અગર બજેટ એસ્ટીમેન્ટ વિગેરે અંગે જે કાંઇ પ્રશ્ન કે ખુલાસો જોઇતો હોય તો સંસ્થાની ઓફીસે બંધારણની કલમ ૧૮-૨ સુચના અનુસાર લખી જણાવે. જેથી તે વિગત સહેલાઇથી એકઠી કરી શકાય અને સંબંધિત ચોપડા કે ફાઇલ પણ જરૂર પડયે રજુ કરી શકાય. પ્રશ્ન અગર ખુલાસો પૂછવામાં સંયમ જળવાય અને ભાષા પર કાબૂ રહે અને સોસાયટીને નુકશાન ન થાય તેની કાળજી રાખવી જરૂરી છે.

**અહમદ મહમદ ઉનીયા**
**પ્રમુખ**
**ધી સુ.સુ.વ.મુ.એજ્યુ.સોસાયટી, સુરત**

**તા.૦૧ /૦૧/૨૦૨૨**